
સમગ્ર ગુજરાતના કોઈપણ ખૂણામાં વસતો વાળંદ બંધુ શિક્ષિત, સંસ્કારી, સ્વાશ્રયી, સુખી અને શહેરી બને તે ધ્યેય દૃષ્ટિ સમક્ષ રાખીને કાર્યરત સંગઠન એટલે ગુજરાત વાળંદ સેવા સંઘ

# વાળંદ વિકાસ




દરેક અંગ્રેજી મહિનાની બીજી તારીખે પ્રસિદ્ધ થાય છે

વર્ષ : ૬૮ ● અંક - ૮ ● ઑગસ્ટ ૨૦૨૪ ● છૂટક પ્રત રૂ. ૧૦/-    આદ્યતંત્રી : સ્વ. મોહનલાલ મુળજીભાઈ વાળંદ (મેજીસ્ટ્રેટ)

-: 'સંઘ'ના સંસ્થાપકો :-



સ્વ. મોહનલાલ વાળંદ



સ્વ. રેવાભાઈ નાયી



સ્વ. ગોરધનદાસ દલાલ





-: 'સંઘ'ના ઉધ્ધારકો :-



સ્વ. જ્યોતીન્દ્રભાઈ નાયી



સ્વ. શારદાબેન નાયી



સ્વ. કાંતિભાઈ નાયી

## નવીન બહુમાળી સમાજ ભવન

## સાંસ્કૃતિક અને શૈક્ષણિક ઉત્થાનરૂપી નવિન વિદ્યાર્થીગૃહ ઇમારતનું ભવ્ય નજરાણું

સમાજ સંકલ્પ કરે છે. આ ગૌરવરૂપ પ્રોજેક્ટ આપ સર્વેના સાથ-સહકાર થકી સમાજમાં શૈક્ષણિક ક્રાંતિનું પ્રતિબિંબ બની રહેશે.

બેંક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા
બેંક ખાતા નં. ૧૦૦૨૯૮૪૧૨૧
**ગુજરાત વાળંદ સેવા સંઘ અમદાવાદ**
સ્થાપના ૨૦ એપ્રિલ, ૧૯૫૭,
પબ્લિક રજિ. નં. એ-૧૮૨૪

દાન જમા કરાવવા માટે ક્યુઆર કોડ

નમ્ર અપીલ : સમાજનો કોઈ જ્ઞાતિબંધુ આ શૈક્ષણિક ભવનમાં યથાયોગ્ય દાન આપ્યા વિના ન રહી જાય તેવી વિનંતી.

નોંધ : આ પ્રોજેક્ટ માટે સંસ્થાને આપેલ દાન આવકવેરા ધારાની કલમ 80(G) હેઠળની જોગવાઈ મુજબ કરમુક્તિને પાત્ર છે.

## BIO-DATA



Name : **Anup Sharma**

**PERSONAL DETAILS**

Address : 22 Cartwright Street, Loughborough, Leicestershire, LE11 1JW
Date of Birth : 23-April-1982
Telephone No : 07749023661
Gender : Male
Nationality : British
Marital Status : Single
Height : 5ft 7"
Place of Birth : Nottingham, UK
Time of Birth : 10.35 BST
Skin Complexion: Medium /Brown
Spoken Languages: English and Gujarati
Education : Distinction in GNVQ Business Studies at Burleigh Community College
Occupation : Logistic transport planner in the motor trade
Parents : Pratima Sharma (from Surat) - retired
Siblings : 1 Brother - Self Employed, living with civil partner and 3 children in Yorkshire, UK
Leisure : Going out with friends and family, relaxing with Movie or TV Show, playing pool and bowling, going on long walks. I also love my food and a good laugh.

Additional information : I rarely drink non-smoker and vegetarian but I do not expect the same of any potential partner.
Home owner and have a full UK driver's licence and a car.
I have never had a headache
Contact : Mother- +447368357052 (u.k.)
Masi -9904054620 (India )

## BIO-DATA



Name : **Himanshu Sanjaybhai Parekh**
Date of Birth : 08 / 01 / 1996
Birth Place : Ahmedabad.
Native Place : Village :- Khedawada,
Taluka :- Himmatnagar,
District :- Sabarkantha.
Height : 5' 6"
Weight : 65 Kg.
Samaj : 27 Kantha Juth Himatnagar, Sabarkantha.
Qualification : Graduation - (Bachelor of Arts with Gujarati), Ahmedabad Arts & Commerce College, (Gujarat University), Vasna, Ahmedabad.
Diploma in Electrical Engineering (GTU), (Swaminarayan Engineering College & Technology, At & Po:- Saij, Taluko:-Kalol, District:- Gandhinagar.
Professional Work : Tata Croma, Makarba, Ahmedabad-380051.
Hobbies : Cricket, Music, Driving, Garba.

**FAMILY DETAILS**

Father : Sanjaybhai Narsinhbhai Parekh
Occupation : Himanshu Ladies Tailor Shop (Business)
Mother : Hansaben Sanjaybhai Parekh
Occupation : Polio Foundation (Health & Care Foundation)
Brother : Janak Sanjaybhai Parekh (Unmarried) Laboratory Assistant at College, Ahmedabad.
Contact Mobile Number : 9978528989, 9879341781.
E-Mail Id : himanshuparekh1996@gmail.com
Permanent Address : 30/B, Ramtirth Society,
Opp. Chintan Hospital,
Jivraj-Park, Ahmedabad-380051.

# ગુજરાત વાળંદ સેવા સંઘ

**(પબ્લીક ટ્રસ્ટ રજી. નં. ૧૮૨૪)**


**: પ્રમુખ :**

**શ્રી વિપુલભાઈ વી. દલાલ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૪૫૨૫૨૪૪, વોટ્સેપ નં. +1 (678) 677-0003

**: મંત્રી :**

**શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય (ટ્રસ્ટી)**
મો. ૭૪૦૫૮૨૮૯૫૫

: ઉપપ્રમુખ :

**શ્રી સંજયભાઈ ચંદુલાલ પારેખ (ટ્રસ્ટી)**
મો. ૯૯૦૯૦૦૧૯૭૦

**શ્રી પંકજભાઈ કે. નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૦૯૮૮૮૭

**શ્રી મહેન્દ્રભાઈ રતિલાલ બાવરિયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૬૩૪૨૫૬

**શ્રી વિજયભાઈ ધીરુભાઈ બગથરીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૦૮૯૦૦૧

**: સહમંત્રી :**

**શ્રી વિજયભાઈ મણીલાલ લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૩૦૫૩૬૨

**શ્રી પ્રવિણકુમાર શીવરામભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૪૨૮૦૦૮૭૫૪

**શ્રી મહેશભાઈ પ્રવીણભાઈ જોટંગીયા (ટ્રસ્ટી)**
મો. ૮૩૪૭૩૮૮૮૮૮

**: કોષાધ્યક્ષ :**

**શ્રી નરોત્તમભાઈ હેમાભાઈ નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૯૮૯૫૯૩૦૫

**: અન્વેષક :**

**શ્રી મૌલિકભાઈ ભરતભાઈ પારેખ (સી.એ.)**
મો. ૯૬૩૮૧૮૦૦૦૭

**: શ્રી પુંધરા વાળંદ વિદ્યાર્થી ગૃહ :**

**ચેરમેન : શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૭૭૬૯૦૦

**વા.ચેરમેન : શ્રી અલ્પેશભાઈ મધુસુદન લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૧૧૧૨૯૫

**મંત્રી : શ્રી દેવેન્દ્રભાઈ લલિતચંદ્ર કોન્ટ્રાક્ટર (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૬૯૬૮૬૯

**: રેવાબા સાંસ્કૃતિક હૉલ :**

**ચેરમેન : શ્રી અરવિંદભાઈ એસ. દમણી (ટ્રસ્ટી)**
મો. ૯૩૭૭૫૬૦૮૪૨

**વાઈસ ચેરમેન : શ્રી મયુરધ્વજ કે. લિમ્બાચિયા (ટ્રસ્ટી)**
મો. ૯૪૨૬૩૬૭૦૭૭

**મંત્રી : શ્રી એસ. બી. પારેખ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૯૭૫૨૩૬

**: અન્ય ટ્રસ્ટી મંડળ :**

શ્રી સુરેશભાઈ જે. શર્મા (અમદાવાદ)
શ્રી રમેશચંદ્ર પી. લિમ્બાચીયા (પાટણ)
શ્રી બી. ટી. નાયી (પાલ્લા)

**: બિલ્ડીંગ પ્રોજેક્ટ કમિટિ (ઈજનેરી પાંખ) :**

ચેરમેન : શ્રી કાળીદાસ કે. પારેખ, (ટ્રસ્ટી) • વા. ચેરમેન શ્રી ગોપાલભાઈ કે. વાળંદ, (ટ્રસ્ટી) • એન્જિનીયર : શ્રી ભાવિનભાઈ બી. લિમ્બાચિયા મો. ૯૯૨૫૬૦૪૪૪૩

શ્રી હર્ષદભાઈ નાથાભાઈ પારેખ (ટ્રસ્ટી)
શ્રી અરવિંદભાઈ જે. શર્મા (યુએસએ)
શ્રી હરિભાઈ કાનજીભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)
શ્રી સંજયભાઈ સી. પારેખ (ટ્રસ્ટી)
શ્રી મહેશભાઈ જોટંગિયા (ટ્રસ્ટી)
શ્રી કિરીટકુમાર એમ. ભટ્ટી
શ્રી દિલીપભાઈ જે. વાઘેલા
શ્રી હસમુખભાઈ આર. પારેખ

**: હિસાબી-વહિવટી પાંખ :**

શ્રી મફતભાઈ વી. પારેખ
શ્રી જયંતિભાઈ કે. લિમ્બાચિયા
શ્રી નરોત્તમભાઈ એચ. નાયી
શ્રી વિપુલભાઈ વી. દલાલ
શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય

**: એડવાઈઝરી કમિટિ :**

શ્રી શરદભાઈ જે. શર્મા (વિજાપુર)
શ્રી અશોકભાઈ એ. વૈદ્ય (મહેસાણા)
શ્રી પ્રકાશચંદ્ર એન. વૈદ (હિંમતનગર)
શ્રી બિપીનભાઈ આર. વાળંદ (ટીમ્બા, સુરત)
શ્રી ચૈતન્યભાઈ મહાવદિયા (અમદાવાદ)
શ્રી જીતુભાઈ ખરચરિયા (અમદાવાદ)

**: પ્રચાર-પ્રસાર કમિટિ :**

શ્રી રાજેશભાઈ વાજા, સેનબંધુ સમાજ (સુરત)
શ્રી દામજીભાઈ ગોંડલિયા, સેનમિત્ર (રાજકોટ)
શ્રી વિપુલભાઈ વાળંદ સમાચાર (ભાવનગર)
શ્રી રમણભાઈ જી. લિમ્બાચીયા (અમદાવાદ)
શ્રી શશીભાઈ પારેખ (આણંદ)
શ્રી શૈલેશભાઈ એન. નાયી (દિયોદર)

# વાળંદ વિકાસ

**Email : valandvikas@valandsevasangh.org**

પ્રકાશક : **શ્રી બાલુભાઈ બી. પારેખ**
મો. : ૯૪૨૮૫૦૩૨૯૧
તંત્રી : **શ્રી જયંતીભાઈ કે. લિમ્બાચીયા**
મો. : ૯૪૨૮૦૪૧૦૧૯
સહતંત્રી : **શ્રી બી. ટી. નાયી (ટ્રસ્ટી) (પાલ્લા)**
મો. : ૯૪૨૬૩૯૧૩૦૨

| વાર્ષિક લવાજમ | આજીવન લવાજમ |
|---|---|
| દેશમાં રૂા. ૧૫૦/- | દેશમાં રૂા.૧૫૦૦/- |
| પરદેશમાં રૂા. ૧૫૦૦/- | પરદેશમાં રૂા.૧૫૦૦૦/- |

૧. વાળંદ વિકાસ એ જ્ઞાતિના વાચકોને વિવિધ વાંચન સામગ્રી પૂરી પાડતું પ્રિન્ટ મીડિયાનું માધ્યમ છે. તેમાં પ્રસિદ્ધિ પામતું લખાણ સંસ્થાના રેકર્ડમાં જરૂરી રહે છે. જેથી વા.વિ.ને છાપવા માટે લખાણ મોકલનારે ફુલસ્કેપ કાગળ પર ટાઈપ કરી અથવા સારા અક્ષરે પોતાના નામ-સંપર્ક નંબર સહિત લખી કાર્યાલયના સરનામે મોકલી આપવું. બહુ જરૂરી હોય તો લખાણનો ફોટો પાડી વૉટ્સએપથી તંત્રીને મોકલવું. આ સિવાય પોતાના મોબાઈલ પર ટાઈપ કરેલું કે ફોરવર્ડેડ મેસેજ સ્વરૂપનું લખાણ મોકલવું નહિ. આવું લખાણ વાળંદ વિકાસમાં છાપી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી.

૨. વાળંદ વિકાસમાં પ્રસિદ્ધિ માટે આવતું મેટર, લેખ, બહુવિધ સુરુચિ જળવાય તેની યોગ્યતા ચકાસી ઉપલબ્ધ રહેતી જગ્યા અનુસાર સમાવવા પ્રયત્ન કરવામાં આવશે.

૩. વાળંદ વિકાસના લવાજમ, સરનામાં ફેરફાર, અંક ન મળ્યો હોવાની રજુઆત **કાર્યાલયના મેનેજર શ્રી ડાહ્યાભાઈ લિમ્બાચીયાનો સંપર્ક તેમના મો. નં. ૯૫૧૦૦૮૩૩૨૬ પર કરવી.** જે ચકાસણી કરી હકીકત જણાવશે. વ્યાજબી અને પૂરતા અગત્યના કારણો સિવાય તંત્રી-પ્રકાશકને સીધી રજુઆત નહિ કરવા નમ્ર વિનંતી છે.

૪. વાળંદ વિકાસનું લવાજમ કે તેમાં પ્રસિદ્ધ થતા બાયોડેટા, શ્રદ્ધાંજલિ, જ્ઞાતિ-ગૌરવ વિગેરે માટેના દરનાં નાણાં 'વાળંદ વિકાસ'ના નામે એકાઉન્ટ પેઈ ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી મોકલી શકાય છે અથવા નીચેની બેંકની વિગતો મુજબ બેંક ખાતામાં સીધેસીધાં ભરી શકાશે. નાણાં સીધેસીધાં જમા કરાવવાના કિસ્સામાં જમા રસીદની ઝેરોક્ષ નકલ કાર્યલયમાં તુર્તજ મોકલી આપવાની રહેશે તથા કાર્યાલયના ફોન નંબર ૦૭૯-૨૬૩૦૩૦૨૮ પર જાણ કરવાની રહેશે.

| | |
|---|---|
| બેંકનું નામ | : **બેંક ઓફ ઇન્ડિયા** |
| શાખા | : પંચવટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬ |
| બેંક એકાઉન્ટ નં. | : 200110100010827 |
| ખાતાનું નામ | : વાળંદ વિકાસ |
| IFSC Code | : BKID0002001 |
| MICR Code | : 380013040 |

**-: કાર્યાલય :-**

**ગુજરાત વાળંદ સેવા સંઘ,** C/o. સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ કેમ્પસ, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬ ફોન : ૦૭૯-૨૬૩૦૩૦૨૮

www.valandsevasangh.org
Email : valandsevasangh@gmail.com


## જ્ઞાનગંગા

પંચમહાભૂતનું બનેલું આપણું શરીર જે દશ્યમાન છે તે છે સ્થૂળ શરીર. આ ઉપરાંત સૂક્ષ્મ શરીર અને કારણ શરીર પણ આ દેહના અધિષ્ઠાનમાં વસેલા છે. સ્થૂળ શરીર એટલે ઇન્દ્રિયોનો સમૂહ, પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિયથી બનેલા આ સ્થૂળ શરીર ઉપરાંત શરીરના અન્ય બે પ્રકારો છે. સૂક્ષ્મ શરીર અને કારણ શરીર. સૂક્ષ્મ શરીર અંતઃકરણના ચાર વિભાગો મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારમાં વહેંચાયેલું છે. કારણ શરીર પ્રારબ્ધ અને કર્મના સિદ્ધાંતથી કાર્ય કરે છે અને શરીરના આ વિભાગો એ આધ્યાત્મ વિજ્ઞાનનો નિર્દેશ કરે છે. પરંતુ એથીય વિશેષ ત્રણે પ્રકારના શરીરના અધિષ્ઠાન એવા પરબ્રહ્મ સ્વરૂપ પરમાત્માનો જીવાત્મા અંશ છે. અંશ અંશીનું જ રૂપ છે, જે પરમ ચૈતન્યરૂપે પ્રાણ બની જીવાત્મામાં ધબકે છે. જોકે પરમ તત્ત્વરૂપી પરમાત્મા શરીરમાં નિવાસ કરતા હોવા છતાં તે પ્રારબ્ધકર્મ અને માયાના આવરણથી બદ્ધ બનતાં અનુભૂતિમાં આવી શકતા નથી.

માયાના આવરણની સાથે સાથે જીવાત્મામાં પ્રકૃતિના ત્રિગુણાત્મક ગુણધર્મો અનુસાર રચાયેલ સ્વભાવગત વિશિષ્ટતા પણ આવા આવરણને પુષ્ટ કરે છે. તમસ, રજ અને સત્વ પૈકી જે ગુણનું આધિક્ય વધુ હોય તે ગુણ આધારિત જીવાત્માનો સ્વભાવ રચાય છે. આમ તો કહેવાય છે કે પ્રાણ અને પ્રકૃતિ બંને સાથે જાય, પરંતુ નિરંતર અભ્યાસ થકી વિશુદ્ધ મન અને ચિત્તની શુદ્ધિથી સાધના દ્વારા ત્રિગુણાત્મક સ્વભાવમાં પરિવર્તન લાવી ગુણાતીત થઈ શકાય છે.

આપણને મળેલ આ દેહને માધ્યમ બનાવી માંહ્યલાને ઓળખવાની, અનુભવવાની આ મનુષ્યયોનિમાં આપણને મૂલ્યવાન તક મળી છે. હું કોણ? ક્યાંથી આવ્યા ? ક્યાં જવાના ? આવવાનું પ્રયોજન શું ? આ પ્રશ્નો ઊઠે અને તેનો ઉકેલ મેળવવા પ્રયત્નશીલ બનીએ અને એ તરફ સતત મનન, ચિંતન, નિદિધ્યાસનથી ગતિશીલ બનીએ તો વહેલા મોડા પણ જીવનની યાત્રાનું પરમ લક્ષ્ય પામી શકાય. પણ પ્રગટ આત્મજ્ઞાની આનો ફોડ પાડી આપે તો શક્ય બને છે. કદાચ આ શરીરના માધ્યમે સફળ ન થઈએ તો અન્ય અવતારોમાં પણ આ તરફની ગતિમાં પ્રગતિ માટે અનુસંધાન મળી જ રહે કારણ કે કરેલું કદી ફોગટ જતું નથી. કાર્ય અને કારણનો હંમેશાં વિધેયાત્મક સંબંધ રહેલો છે તે નિર્વિવાદ છે.

બસ, પરમતત્ત્વના લક્ષને પામવાના પ્રયત્નશીલ પ્રવાસીને જરૂરત રહે છે વીતરાગી થવાની જે ધ્યાનસાધના આંતરિક ભાવશુદ્ધિ અને દૃઢ વૈરાગ્યના અધ્યાસથી જ થવાય કારણ કે ત્યાગ વૈરાગ્ય વિના ટકતો નથી. વિચારશુદ્ધિ વિના ભાવશુદ્ધિ પ્રગટ થતી નથી અને અહંશૂન્યતા વિના નમ્રતા આવતી નથી. દેહભાવને ઓગાળવાનાં આ જ તો શુદ્ધ સાધન છે.

**જય સચ્ચિદાનંદ**

**- શ્રુતિ-સ્મૃતિ આધારિત**



## તંત્રીની કલમે

# જ્યાં છીએ ત્યાં જ સુખી થઈએ...

મનુષ્યના મનુષ્યત્વની ઉત્તુંગતા તેના સદ્‌ગુણોને આભારી છે. ઊંચી જગ્યાએ પહોંચવાથી તે મોટો બની શકતો નથી. આ જિંદગી નસીબથી મળી છે, પણ મૃત્યુ તો તેના સમયે જ આવશે. મૃત્યુ પછી લોકહૃદયમાં જીવતા રહેવા માટે જિંદગીમાં સત્કર્મો કર્યા હોય તે જ કામ આવે છે; ઈર્ષ્યા, અદેખાઈ, દુષ્ટતા કે ચારિત્ર્યહીનતાને કોઈ આવકાર્ય કે સ્વીકાર્ય ગણે નહિ ! ઈર્ષ્યા-અદેખાઈથી પોતે જ મહાન અને ઉત્કૃષ્ટ છે તેવો મત વિકસાવ્યા કરનાર શાહમૃગી જિંદગી જીવે છે - જગત તેમને ગણતું નથી તે તેઓ સમજી નથી શકતા. જે અંતે તો તેમની મહત્તાને નષ્ટ જ કરે છે. પોતાના વગર દુનિયા અટકી પડશે એવું માનનારાઓથી આ ધરતી પરની કબરો ભરેલી છે. શું આ અર્થ વગરની દોડને અટકાવીને તેવી તૃષ્ણામાંથી સુખ અને આનંદ મેળવવાને બદલે સંતોષ અને સમજમાંથી તે ન મેળવાય ?! ચાલો વ્યક્તિ, ઘર, સમાજ, પ્રદેશ, દેશને ઉત્તમ વિકાસ પમાડવા ઈર્ષ્યા, અદેખાઈ, દુષ્ટતા ત્યજીને શુદ્ધ ચારિત્ર્યશીલ વર્તનથી સૌને પ્રગતિ કરાવીએ. કેમ કે બીજાને નીચો દેખાડવાની મનોવૃત્તિ આજકાલ વધતી જાય છે અને આવી વૃત્તિઓનો વધારો સ્પષ્ટતઃ જણાવે છે કે હજું માણસનું મન ઈશ્વરદત્ત માર્ગે કેળવાયું નથી.

ઉપરોક્ત દુર્ગુણોસર જે અંદરથી ખાલી હોય એ બાહ્ય પ્રયત્નો દ્વારા પોતાના આંતરિક ખાલીપાને પૂરવાની કોશિશ કરે. ઘણીવાર ઈર્ષ્યાવૃત્તિ, દ્વેષ, વેરવૃત્તિ, બિનતંદુરસ્ત સ્પર્ધાની વૃત્તિ, બદલો લેવાની ઇચ્છા, અસહિષ્ણુતા, વગેરે અનેક કારણો હોય છે. સમાન જ્ઞાન અને વિદ્યા તેમ જ સમાન ક્ષેત્ર વ્યવસાય ધરાવતા લોકોમાં જાણે-અજાણે ઈર્ષ્યાનું તત્ત્વ કામ કરતું હોય છે કે પોતે બીજા કરતાં વિશેષ છે. એટલે પોતાની વસ્તુ, સ્થિતિ, ઘર, નોકરી, હોદ્દો, સત્તા, અધિકાર કે પદ અને પ્રતિષ્ઠા કરતાં બીજાની એ બધી વસ્તુઓ ઊંચી હોય તો માણસમાં એક પ્રકારનો ઈર્ષ્યાભાવ જન્મે છે.

બીજાનો ઊંચો સામાજિક દરજ્જો કે ઠાઠ, બીજાને પ્રાપ્ત થતું માન-સન્માન એ જોઈને જે કોઈ તે બધાથી વંચિત હોય તેના મનમાં એક પ્રકારનો અસંતોષ પેદા થયો હોય છે અને એમાંથી ઈર્ષ્યા આકાર લેતી હોય છે. તેની આવી વંચિતતા તેમના દુર્ગુણોથી પણ હોઈ શકે !!

ઈર્ષ્યાનું ઉદ્‌ભવસ્થાન વ્યક્તિની આંતરિક હીનતાનો ભાવ કે લઘુતા છે. માણસ એવી લઘુતા ઢાંકવા માટે ઈર્ષ્યાનો સહારો લેતો હોય છે.

ઈર્ષ્યાનું કારણ છે વ્યક્તિનું બિન કેળવાએલું મન. જો વિદ્યા જીવનમાં ઉતરે તો હૃદય વિશાળ બને, મન સહિષ્ણુ બને, વ્યવહાર-વાણી-વર્તન બધું જ ઉદાત્ત બને. પણ જો માણસમાં કેવળ બાહ્ય વિદ્વતા અને શાબ્દિક પાંડિત્ય વિકસે પણ મન સંસ્કાર સંપન્ન ન બને તો વિદ્યા કેવળ વિવાદ અને ઈર્ષ્યા પૂર્ણ મનઃસ્થિતિનું જ નિર્માણ કરતી રહે. હકીકતમાં માણસ ઈર્ષ્યા દ્વારા ક્ષણિક આનંદની પરિપુષ્ટિ માણી લેવામાં પોતે સફળ થયો એવી અનુભૂતિ કરતો હોય છે. અને આવું જ અદેખાઈ, દુષ્ટતા કે ચારિત્ર્યહીનતાનું પણ હોય છે. આ દુર્ગુણો ઢાંકવા મનુષ્ય જીવનભર દોડાદોડી, વિવાદવમળો, કોર્ટ કચેરી કે લડાઈ-ઝઘડા જ કરતો જગતમાંથી વિદાય લેતો હોય છે. જગત તેના તરફ દૃષ્ટિપાત પણ કરતું નથી.

દુનિયામાં એવા કેટલાય લોકો છે જે જીવવા કરતાં દોડવામાં જ આયુષ્ય પૂરું કરે છે. એમની પાસે જે કંઈ છે એના આનંદ કે રસને એ ગુમાવી રહ્યા છે. ઘરમાં હજારોની સંખ્યામાં ધન હોય એને લખપતિ થવું છે. કરોડપતિ અબજોપતિ થાય તો પણ એની દોડ અટકતી નથી. નાનું મકાન હોય તો દૂર પ્લોટમાં કોઈ નવા મોટા મકાનના સ્વપ્નો શરૂ થઈ જાય છે. અને એમ જ તૃષ્ણાનો તંતુ વિસ્તરતો જાય છે. સેવાકીય ક્ષેત્રે પણ હોદ્દા માટે હોડ જામે છે. સમાજના લોકોની નાડ પારખ્યા સિવાય કે સમાજની ચાહના સિવાય હોદ્દા પર ચીટકી રહેવાની લાલસાથી મુક્ત થવાતું નથી.

સંસારનું ચક્ર કાયમ આ રીતે જ ચાલ્યા કરે છે. ભાગ્યે જ કોઈક વિરલ કહી શકાય એવી વ્યક્તિને ખ્યાલ આવે છે કે સુખ કોઈ વસ્તુમાં કે સંપત્તિના વિસ્તારમાં નથી, જ્યાં છીએ ત્યાં જ, આ ક્ષણે પણ જો સુખી થવા ઇચ્છીએ તો આપણને કોઈ રોકી શકે તેમ નથી.

સુખ અને આનંદ તૃષ્ણામાં નહીં, સંતોષ અને સમજમાં છે. જે વ્યક્તિ વર્તમાનની ક્ષણને સુખથી ભરી શકે છે, એજ સૌથી સમજદાર અને સૌથી વધુ સદનસીબ છે. આપણે સૌ આવું સદ્‌નસીબ લઈને જન્મીએ છીએ, પરંતુ

'વધુ... વધુ...'ની ઘેલછામાં જ બદનસીબીનું લેબલ લગાવી અહીંથી વિદાય થઈએ છીએ.

ચાલો આ દુર્ગુણોથી દૂર રહીને સાચી સમજ કેળવીએ – સંતોષ પામી પોતે વિકસી અન્યોને વિકસાવીએ. જ્યાં છીએ ત્યાંજ સુખી થઈએ.

**(નોંધ : વાળંદ વિકાસના પૂર્વ તંત્રી સ્વ.બાબુભાઈ પી. લિમ્બાચીયાનો લેખ આંશિક ફેરફાર કરી પુનઃ પ્રસ્તુત કરેલ છે.)**

જય સચ્ચિદાનંદ

**જયંતિભાઈ કે. લિમ્બાચિયા**

## વાળંદ વિકાસ પ્રતિભાવ

### રાજકારણથી પર વાંચવા લાયક વાળંદ વિકાસ તંત્રી લેખ

ગુજરાત વાળંદ સેવા સંઘ દ્વારા પ્રકાશિત માસિક સામાયિક વાળંદ વિકાસ જુલાઇ 2024નો અંક તંત્રી લેખ ખરેખર દરેક આપડા જ્ઞાતિબંધુઓ એ વાંચવા લાયક છે. જેમાં સમાજ, સેવા, ધર્મ, આચરણ આ મુદ્દા ઓ નું હૃદયના ઊંડાણ થી તલસ્પર્શી લેખ રજુ કરવા બદલ શ્રી જયંતિભાઇ લીંબચિયા સાહેબ ને ખુબ ખુબ અભિનંદન તેમના લેખન માં બૌદ્ધિક. તાર્કિક . સાત્વિકતા .અને ધાર્મિકતા સભર તંત્રી લેખ વાંચવાનો એક લ્હાવો છે. દરેક ને જય લીંબચ.

**પ્રતિભાવ આપનાર : રાજેન્દ્રભાઈ ગાંડાલાલ વાળંદ બાલસાસણ-ચુંવાળ બેતાલીસ, હાલ- નરોડા.અમદાવાદ**

### સમાજસેવા અને ધર્માચરણ

સમાજ, સેવા, ધર્મ અને આચરણના શબ્દોના અર્થનું તેમની કલમે નિઃસ્વાર્થ સવિસ્તાર મર્મ સમજાવતો અહેવાલ. દરેક જાતિના વર્ગની સામાજિક સંસ્થાઓ અને સમાજોના સેવાભાવી આગેવાનો, હોદ્દેદારો અને સમાજસેવાના કાર્યકર્તાઓને સમાજની સેવા સાથે સમાજના વિકાસ માટેના વિચારો અને પરસ્પર સંવાદિતા કેળવી સમાજના વિકાસની દિશામાં સામૂહિક અને સહિયારા પ્રયાસ થાય તો ધાર્યા પરિમામ અને સમાજની સેવાની ફરજ સફળ ગણાશે. તે બાબતનો અહેવાલ ખૂબ જ સુંદર અને તમામ સમાજના તમામ પ્રતિનિધિઓને સમાજ સેવાની ફરજ સાથે ધર્મ, કર્મ અને નિતિમત્તા અને આચરણની બાબત સવિસ્તાર સમજ પૂરી પાડી છે. તે ખૂબ જ પ્રશંસનીય છે. તે બદલ વાળંદ વિકાસ તંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર અને શુભેચ્છા પાઠવું છું.

**- નવીનચંદ્ર ચતુરભાઈ પારેખ, મુ. રામપુરા (ભંકોડા) ચુંવાળ સમાજ**

## સુજ્ઞ વાચકો તથા માનવંતા જ્ઞાતિજનો જોગ અગત્યનો સંદેશ

૧. ગુજરાત વાળંદ સેવા સંઘ દ્વારા નિર્માણાધીન બહુમાળી ભવન પ્રોજેક્ટ માટે **રૂા. એક લાખ કે તેથી વધુ** દાન જમા કરાવનાર દાતાશ્રીઓ પોતે ઇચ્છે તો દાન જમા કરાવવાની સાથે એક ફોટો મોકલી શકે છે જે વાળંદ વિકાસની જે તે આવૃત્તિમાં પ્રકાશિત કરવામાં આવશે.

૨. ગુજરાત વાળંદ સેવા સંઘ સમગ્ર નાયી-વાળંદ-ભાટિયા-મૈસુરિયા જ્ઞાતિજનો માટે કામ કરતી સંસ્થા છે. હાલ બહુમાળી ભવનનો ચાલુ પ્રોજેક્ટ ખૂબ મહત્ત્વનો છે જે પૂરો થતાં જ્ઞાતિનું ગૌરવશાળી નજરાણું બની રહેશે. આ માટે આપનાં-ઉપયોગી સૂચનો, દાન માટે દાતાશ્રીઓને પ્રેરણા પૂરી પાડે તેવા સંદેશા આપ સંસ્થાના કાર્યાલયને મોકલી આપશો. 'વાળંદ વિકાસ'માં તેને પ્રકાશિત કરવામાં આવશે.

૩. વાળંદ વિકાસમાં છપાતા લેખ, અહેવાલ તથા માહિતી સંદર્ભે આપના પ્રતિભાવ ટૂંકમાં મોકલશો તો તેને પણ પછીની આવૃત્તિમાં સ્થાન આપવામાં આવશે.

૪. જ્ઞાતિજનોના વિશાળ હિતમાં હોય તેવા મૌલિક વિચારો દર્શાવતા આપના લેખ, અહેવાલ, માહિતી વિગેરે અલગ હસ્તલિખિત કે ટાઈપ કરેલા પત્રમાં તૈયાર કરી મોકલશો તો તેને પણ ઉચિત હશે તો વાળંદ વિકાસમાં સ્થાન આપવા પ્રયત્નશીલ રહીશું. મોબાઈલમાં પોતે ટાઈપ કરેલું કે ફોરવર્ડેડ લખાણ પ્રકાશિત થઈ શકશે નહિ જેથી સીધેસીધું નહિ મોકલવા વિનંતી છે.

**પ્રકાશક/તંત્રી વાળંદ વિકાસ, ગુજરાત વાળંદ સેવા સંઘ**

## ગુજરાત વાળંદ સેવા સંઘના નવિન બિલ્ડીંગ માટે જૂન-૨૦૨૪ માસમાં જમા/જાહેર થયેલ દાનની યાદી

| રૂપિયામાં | નામ |
|---|---|
| ૧૩,૧૫,૦૦૦/- | શ્રી વિપુલભાઈ દલાલ, અમદાવાદ |
| ૫,૫૧,૦૦૦/- | શ્રી લીમ્બચ જ્વાલા માતા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી |
| ૫,૫૧,૦૦૦/- | શ્રી ચુંવાળ પાંચપરગણા ટ્રસ્ટ તથા સમાજ તરફથી, અમદાવાદ |
| ૫,૫૧,૦૦૦/- | શ્રીમતી મીનાબેન વિજયકુમાર ગાંધી, નડિયાદ |
| ૫,૦૦,૦૦૦/- | શ્રી અરવિંદભાઈ જીવણલાલ શર્મા, અમદાવાદ |
| ૫૧,૦૦૦/- | શ્રી મહેશભાઈ છનાલાલ રાજન, અમદાવાદ |
| ૨૫,૦૦૦/- | શ્રી સીમાબેન ચૌધરી, અમદાવાદ |
| ૨૧,૧૧૧/- | શ્રી પ્રિયકાંતભાઈ પૂનમભાઈ વાળંદ, આણંદ |
| ૨૧,૦૦૦/- | શ્રી ચુનીભાઈ શનભાઈ બનાજીયા, અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | ડૉ. માધુભાઈ એસ. વૈદ્ય, અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | શ્રી કંદર્પ રાજેશભાઈ વૈદ્ય, પૂના |
| ૧૧,૦૦૦/- | શ્રી પંકજકુમાર ચીમનલાલ લાલા, અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | શ્રી કનુભાઈ એન. વૈદ્ય, અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | શ્રી વિષ્ણુભાઈ, વૈભવ હેર સલુન, નારણપુરા, અમદાવાદ |
| ૧૦,૧૦૦/- | શ્રી ભાનુભાઈ ચેહરભાઈ નાયી, અમદાવાદ |
| ૫,૦૦૦/- | શ્રી મનોજભાઈ જેતીભાઈ નાયી, અમદાવાદ |
| ૫,૦૦૦/- | શ્રી માલચંદભાઈ એલ. નાઈ, અમદાવાદ |
| ૫,૦૦૦/- | શ્રી ભગવાનદાસ કરશનદાસ નાયી, અમદાવાદ |
| ૫,૦૦૦/- | શ્રી મનુભાઈ મગનલાલ, અમદાવાદ |

માનવંતા દાતાશ્રી તથા દાન માટે પ્રેરણારૂપ બનનાર સહુનો ગુ. વા. સેવા સંઘ આભાર વ્યક્ત કરે છે.

પ્રેષક : મંત્રી/ખજાનચી, ગુ.વા.સેવા સંઘ


## શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ-અમદાવાદ

(ટ્રસ્ટ રજી નં. એ-૧૮૨૪)

### રેવાબેન જીવણલાલ શર્મા શૈક્ષણિક ફંડ



સ્વ. રેવાબેન શર્મા




સ્વ. જીવણભાઈ શર્મા

શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ ઉપરોક્ત ફંડના નેજા નીચે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા શ્રી બિપીનભાઈ, શ્રી અરવિંદભાઈ તથા શ્રી સુરેશભાઈ શર્મા તરફથી રૂા. ૫,૦૦,૦૦૦/- (રૂા. પાંચ લાખ)નું ભંડોળ તેમના માતા-પિતાની સ્મૃતિ અર્થે મળેલ છે. આ રકમની ફીક્સ ડિપોઝીટ કરીને તેના વ્યાજમાંથી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ તથા સાયન્સ પ્રવાહના એક-એક વિદ્યાર્થી, ગ્રેજ્યુએટમાં ૪ વિદ્યાર્થી તથા માસ્ટર ડીગ્રીવાળા ૨ વિદ્યાર્થી, એમ સને **૨૦૨૪-૨૦૨૫**ના વર્ષમાં પરીક્ષા પાસ કરી સૌથી વધુ માર્કસ મેળવનાર કુલ આઠ વિદ્યાર્થી દરેકને આશરે રૂા. ૫,૦૦૦/- જેટલાનો વ્યાજની રકમમાંથી પુરસ્કાર દર વર્ષના શિરસ્તા મુજબ આપવામાં આવશે. આ માટે ગુજરાતના આપણા સમાજના વિદ્યાર્થીઓ તરફથી આ અંકમાં છાપેલા ફોર્મમાં વિગતો ભરી પ્રમુખ/મંત્રી શ્રી ગુજરાત વાળંદ સેવાસંઘ, C/o. સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ કેમ્પસ, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ ૩૮૦૦૦૬ને ઉદ્દેશીને અરજી મંગાવવામાં આવે છે. પરિણામની માર્કશીટની પ્રમાણિત નકલ સાથે આ અરજી **તા. 30-૯-૨૦૨૪** સુધીમાં મોકલવાની રહેશે તમામ અરજીપત્રક આવ્યા બાદ આ માટેની ચકાસણી કરી દાતાની સંમતિ મેળવી અને કોઈ પ્રોગ્રામ વખતે વિદ્યાર્થીને રૂબરૂ બોલાવી અથવા ટપાલથી એકાઉન્ટ પેયી ચેકથી પુરસ્કાર આપવામાં આવશે. આ માટે ટ્રસ્ટનો નિર્ણય આખરી રહેશે.

સમાજના ટ્રસ્ટીઓ, દાતાઓ, આજીવન સભ્યો, વિગેરેને આ બાબતનો બહોળો પ્રચાર કરવા અને અરજીપત્રકો ભલામણ કરી મોકલવા વિનંતિ કરવામાં આવે છે. સાથે સાથે અરજી કરનારના વાલી શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘના આજીવન સભ્ય હોવા જરૂરી છે. ન હોયતો થવા માટે આગ્રહ રાખવામાં આવે છે.

**નોંધ : આ સાથેનું ફોર્મ ભરવું જરૂરી છે.**

- ભાનુભાઈ એન. વૈદ્ય, મંત્રી, ગુજ. વા. સે. સંઘ




સ્વ. જીવણલાલ શર્મા

# શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ

પંકજ વિદ્યાલય સામે, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ ટે.નં. : ૨૬૩૦૩૦૨૮

સ્વ. રેવાબેન જીવણલાલ શર્મા સ્મારક ફંડમાંથી પ્રોત્સાહક ઈનામ મેળવવાનું ફોર્મ



સ્વ. રેવાબેન શર્મા

વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઈઝનો ફોટો

અટક          નામ          વાલીનું નામ

(૧) વિદ્યાર્થીનું નામ : ____________________

(૨) પૂરેપૂરું સરનામું : ____________________

____________________

ટે.નં. (ઘર) : ______________ મોબાઈલ : ______________

(૩) વાલીનું નામ : ____________________

ઉ.વ. : ________ ધંધો : ____________ કુટુંબની કુલ વાર્ષિક આવક : ____________

વાલીનો ધંધા/રોજગારનું સરનામું :

(૪) કુટુંબના સભ્યોની વિગત : ____________

ભાઈ ____________ પરિણીત ____________ અપરિણીત ____________

બહેન ____________ પરિણીત ____________ અપરિણીત ____________

(૫) છેલ્લી પાસ કરેલી પરીક્ષા : ____________________

કોલેજનું નામ : ____________________

મેળવેલ ગ્રેડ/ટકા : ____________ કુલમાંથી : ____________

(૬) હાલ શું કરો છો ? ____________________

અભ્યાસ / નોકરીની વિગત : ____________________

(૭) અન્ય કોઈ પણ સરકારી અથવા સ્કોલરશીપ મળેલ હોય તો તેની વિગત : ____________

(૮) ખરેખર આર્થિક મદદ / સ્કોલરશીપની જરૂર છે ? હા / ના ____________

(૯) છેલ્લી પાસ કરેલી પરીક્ષાની માર્કશીટની સેલ્ફ એટેસ્ટ કોપી સામેલ કરવાની રહેશે. ____________

અમો નીચે સહી કરનાર વિદ્યાર્થી અને વાલી સંયુક્ત પણે આથી જાહેર કરીએ છીએ કે ઉપરોક્ત તમામ વિગત તદ્દન સાચી છે આ ટ્રસ્ટમાંથી જે મદદ મળી રહી છે તેનો ઉદ્દેશ હું સમજું છું ભવિષ્યમાં હું પગભર થઈશ ત્યારે આગળ બીજા વિદ્યાર્થીઓને મદદરૂપ થવા માટે અચૂક પણે પરત કરીશ. તેની ખાત્રી આપું છું.

તેમ છતાં ટ્રસ્ટને પાછળથી કંઈ છુપાવ્યાનું કે ખોટું માલુમ પડશે તો સંસ્થા જે કાંઈ પગલાં ભરશે અથવા વસુલાત કરશે તે વિના સંકોચે દંડ સાથે પરત કરીશ તેની ખાત્રી આપું છું.

સ્થળ : ____________

તારીખ : ____________ વિદ્યાર્થીની સહી ____________ વાલીની સહી ____________

**આપણા સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિની ભલામણ**

નામ : ____________________ ગોળ / જ્ઞાતિ ____________

સરનામું : ____________________

ટે.નં. : ____________ મોબાઈલ નં. ____________ સહી ____________

**નોંધ : સંસ્થાનો ઉદ્દેશ ફક્ત આપણા સમાજના તેજસ્વી જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક રીતે મદદરૂપ થઈ અભ્યાસ માટે પ્રોત્સાહિત કરવાનો છે. જેથી અન્ય કંઈ ન વિચારતાં સહકાર આપવા વિનંતી છે.**

# પ્રાદેશિક સમાચાર

## શ્રી લિમ્બચ માતા જવાલમાતા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ

તારીખ ૧૪/૭/૨૪ને રવિવારના રોજ શ્રી લિમ્બચ માતા જવાલમાતા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ નો કાર્યક્રમ ગુલબાઈ ટેકરા, દશકોશી વિદ્યામંડળ, અમદાવાદ ખાતે યોજાઈ ગયો. વિદ્યાર્થીઓને સહાય વિતરણ અને રોજગાર માર્ગદર્શન નિઃશુલ્ક સેમિનાર આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય હતો. સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા મહેમાનશ્રીઓનુ ઉમળકાભેર સ્વાગત કરવામા આવ્યુ. આ કાર્યક્રમના ભોજનદાતા અને સમારંભના પ્રમુખ શ્રી હસમુખભાઈ રાઠોડ (એડવોકેટ), મુખ્યમહેમાન- પ્રો. એસ.પી.શર્મા (પૂર્વ- પ્રો.અધ્યક્ષ હિન્દીભવન સૌરાષ્ટ્ર યુનિ-રાજકોટ) બીજા અતિથી વિશેષ શ્રી હરેનભાઈ આર પારેખ (બિલ્ડરઃ મણિનગર) ડો. શ્રી ઘનશ્યામભાઈ વડોદરિયા (પ્રિન્સિપાલ, એન્જિ.કૉલેજ ભાવનગર), શ્રી પ્રવીણભાઈ જોટંગીયા (ઉદ્યોગપતિ) ડૉ. અજય શર્મા (GPSC/UPSC CLASS 1-2 trainersઃ માણસા), શ્રી નીલેશભાઈ પારેખ, Deputy Manager, Crabtree-Havells.શ્રી સંજયભાઈ પારેખ. (સરપંચ-ધામતવાણ - ઉપ પ્રમુખ - ગુ.વા. સેવા સંઘ) ડૉ .રમાબેન બડમલિયા (માલિક : ચેષ્ટા હોસ્પિટલ ચોટીલા)શ્રી કુંદનબેન પારલેવાળા(સમાજસેવિકા) શ્રી દીપેશકુમાર શર્મા (CA) ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ ની શોભા વધારી હતી.

આ સાથે બીજી હરોળમા શ્રી હરગોવિંદભાઈ સબારા (ચોટીલા- મહામંત્રી લિમ્બચધામ ચોટીલા) શ્રી વિપુલભાઈ પારેખ- (રીટા.નાયબ મામલતદાર), વૈદ્ય બળદેવ પ્રસાદ પનારા, શ્રી રતિલાલ તલાટી, શ્રી જીવણલાલ વાળંદ - પ્રમુખશ્રી ચુવાળ જથ, શ્રી વિનોદભાઈ વડોદરીયા,(રીટા. એસ.બી.આઇ) શ્રી કાલિદાસભાઈ પારેખ (પ્રોજેક્ટ કન્વીનર - ગુ.વા. સે.સં.) શ્રી અરવિંદભાઈ દમણી (ટ્રસ્ટીશ્રી, ગુ.વા.સે.સં), શ્રી રમેશભાઈ ચાવડા ધ્રાંગધ્રા તથા શ્રી હસમુખભાઈ લખતરીયાએ મંચ પર સ્થાન શોભાવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત મહેમાનો દ્વારા દીપ પ્રાગટયથી કરવામાં આવી, ધ્રુમિલ પનારાએમા લિમ્બચની સ્તુતિ કરી અને ત્યારબાદ પધારેલ મહેમાનોનું ફૂલહાર અને શાલ થી સન્માન કરવામાં આવ્યું, મહામંત્રીશ્રી એ સંસ્થા નો પરિચય આપ્યો અને પ્રમુખશ્રી ભાનુભાઈ વૈદ્ય એ મહેમાનોનું સ્વાગત પ્રવચન કર્યું.. મંચસ્થ મહેમાનો પૈકી શ્રી નીલેશભાઈ પારેખ, ડૉ.પ્રો. શ્રી ઘનશ્યામભાઈ વડોદરીયા સાહેબ, પ્રો. એસ .પી. શર્મા સાહેબ, શ્રી અશ્વિનભાઈ લિમ્બાચીયા, શ્રી હસમુખભાઈ રાઠોડ એડવોકેટશ્રી દ્વારા કાર્યક્રમને અનુરૂપ વાતો તેમજ યુવક યુવતીઓને ખુબ મહેનત કરી જીવનમા ખુબ પ્રગતિ કરવા આશીર્વચન તથા શુભકામનાઓ આપી.

શ્રોતાઓ તેમજ વિદ્યાર્થીઓએ શાંતિ થી કાર્યકમનો પ્રથમ ભાગ માણ્યો. મહેમાનો અને કાર્યકમમા પધારેલ સહુ વિદ્યાર્થી ભાઈ બહેનો એ સરસ મજાના સ્વાદીષ્ટ ભોજનનો આસ્વાદ માણ્યો. સૌથી અગત્યના અને જે ઉદ્દેશ્ય થી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ તે સહાય વિતરણ, તથા રોજગારલક્ષી કુલ 6 તજજ્ઞો દ્વારા પથદર્શક માહીતિસભર વક્તવ્ય તેમ જ કાઉન્સિલિંગ માણવા હોલ મા ગોઠવાઈ ગયા.

૪૨ વિદ્યાર્થીઓ માંથી હાજર રહેલ વિદ્યાર્થીઓને શ્રી વડોદરીયા સાહેબનાં શૂભહસ્તે દરેકને રૂ 3,000ના ચેક અર્પણ કરવામાં આવ્યા.

**કાઉન્સિલિંગ વક્તા-** શ્રી ડો.પ્રો.ઘનશ્યામભાઈ વડોદરીયા સાહેબે, GPSC, UPSC,Class 1-2,સ્પર્ધાત્મક પરીક્ષાઓ સંદર્ભે વિગતે માર્ગદર્શન જેમાં ડેપ્યુટી કલેક્ટર, ડિસ્ટ્રિક્ટ રજિસ્ટ્રાર, ડેપ્યુટી ઇન્ડસ્ટ્રી કમિશનર વિગેરે સરકારી, ખાનગી ક્ષેત્રે નોકરી સંદર્ભે,આવી નોકરીઓ માટે જરૂરી વહેલી તૈયારીઓ વિશે તેમ જ પોતાનો ફોન નંબર આપી ગમેત્યારે માર્ગદર્શન આપવાની તૈયારી બતાવી હાજર રહેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા.

શ્રી ડો. અજયભાઈ શર્મા માણસા, કોઈ પણ ગ્રેજ્યુએશન બાદ કલાસ-1ની સ્પર્ધાત્મક પરીક્ષાઓ, ક્લાસ 2માં મામલતદાર ટી.ડી.ઓ. સેકશન ઓફિસર

તેમ જ ક્લાસ 2માં સફળ ન થઇ શકનાર અથવા ધોરણ 12 પછી ક્લાસ 3 વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે માર્ગદર્શન, સામાન્ય હોદ્દાપરથી એક્ઝિક્યુટિવ કે ક્લાસ 1ના પદ સુધી પહોચી શકાય તે અંગે માર્ગદર્શન તેમજ પ્રશ્નોત્તરીમાં ચર્ચાઓ કરી.

શ્રીમતી દીપીકાબેન જેઓ આઇ. ટી. આઇ., થલતેજમાં ફોરમેન ઇન્સ્ટ્રક્ટર છે, તેમણે ITIમાં સરકાર શ્રી તરફથી ઉપલબ્ધ કૌશલ્ય વર્ધક વ્યવસાય લક્ષી ટુકાગાળાના અભ્યાસક્રમો અને સ્વ.રોજગાર લક્ષી 1 અને 2 વર્ષના સ્ટાઇફંડ મળવા પાત્ર અભ્યાસક્રમો કરી સ્વ રોજગારથી સરસ મજાની આવક મેળવી શકાય તે અંગે વિગતે માર્ગદર્શન તેમ જ બહેનો માટે કન્યા ITIમાં ઉપલબ્ધ ખાસ અભ્યાસક્રમોથી માહિતગાર કર્યા.

શ્રી રાજેન્દ્રભાઈ ચુડાસમા. જુનાગઢ જેઓ છેલ્લા થોડા વર્ષોથી WhatsApp પર "વાળંદ યુવા ઉત્કર્ષ મંચ" કાર્યરત છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓના અભ્યાસ માટે જરૂરી પુસ્તકો, માહીતિઓ ઉપલબ્ધ નથી હોતી, સ્પર્ધાત્મક પરીક્ષાઓને લગતી માહીતિઓનો ભંડાર આ WhatsApp group,માં રોજે મળી રહે છે. થોડા સમય પહેલા Web casingમાં તજજ્ઞો દ્વારા અમુલ્ય એવા લેક્ચરોનુ આયોજન કરવામાં આવેલ. હાજર રહેલ વિદ્યાર્થીઓનાં નંબર લઇ તેમને આ ગ્રુપમાં જોડવામાં આવ્યા. આ WhatsApp ગ્રુપમા જોડાવા માટે નંબર 9173747757 પર સંપર્ક કરવો. આ ઉપરાંત સરકારી નોકરીઓ માટે ઉપલબ્ધ વેબસાઈટોના નામોની તેમ જ Employment news, રોજગાર સમાચાર જેવા પ્રકાશનોની માહીતિઓ ની આપલે કરવામાં આવી.

શ્રી કિરીટકુમાર એમ ભટ્ટીઃ ઘોરણ 10 પાસ કરી કોર્પોરેટ હાઉસ કે સંસ્થાઓમાં હેલ્પર કે ક્લાસ 4માં નોકરીઓ મળી શકે.સ્વરોજગાર ઉત્સુક યુવક યુવતીઓને તેમની રૂચિ પ્રમાણે કેવો વ્યવસાય પસંદ કરી શકાય તેમ જ મળવા પાત્ર બેંક લોન.. ખુબ ઓછુ ભણેલ યુવક-યુવતીઓ, જરૂરિયાતમંદ ઉમરલાયક કે વિધવા બહેનોને કલાક હિસાબે નોકરીઓ માટે મદદરૂપ થતી સંસ્થાઓના નામ સરનામા.

શ્રી રાજુભાઈ લિમ્બચીયાઃ વિદેશ જવા ઉત્સુક ઉમેદવારોને ઉચ્ચ અભ્યાસ અથવા ઇમિગ્રેશન માટે વિધી તેમ જ ખર્ચ વિશે માર્ગદર્શન અને પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ આયોજીત થયેલ. આભાર દર્શન શ્રી જસવંતભાઈ શર્મા દ્વારા કર્યા બાદ સેમિનારનો કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવેલ. કાર્યક્રમનું સ્ટેજ સંચાલન ટ્રસ્ટીશ્રી જશવંતભાઈ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આયોજનમાં શંકરભાઈ ભાટિયા અને રમેશભાઈ વાળંદ નો સહકાર સારો પ્રાપ્ત થયો. વિડીયોગ્રાફી અને એડીટીંગ શ્રી રમણભાઈ લીંબાચીયા એ તેમજ દુરદર્શન અમદાવાદ દ્વારા કરવામાં આવેલ સમગ્ર ટીમે કાર્યક્રમને સફળ બનાવવા ઘણા સમય પહેલા થી મહેનત શરુ કરી હતી - પ્રમુખ શ્રી ભાનુભાઈ વૈદ્ય તેમજ સહમંત્રી, ટ્રસ્ટીશ્રી અશોકભાઈ વૈદ્ય આખી ટીમને ઉત્સાહ પૂરો પાડીને પોઝિટિવ એનર્જી ઉભી કરી રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું ફેસબુક/ યુ ટ્યૂબ લાઈવ પ્રસારણ ટ્રસ્ટીશ્રી,શ્રી ઉદયનભાઈ લીંબાચીયાના સહકાર થી મિલનભાઈ દ્વારા થયુ હતુ અને લિન્ક દ્વારા લિંબચ માતા જવાલામાતાના ગ્રુપ મા મૂકવામાં આવ્યું હતુંને દેશ વિદેશ મા લોકો એ નિહાળ્યું

વાળંદ સમાજના ગુજરાતભરનાં આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને સહાય માટે ઓનલાઈન તથા રોજગાર માર્ગદર્શન નિશુલ્ક સેમિનાર દરમિયાન દાનની સરવાણીથી વહાવનાર ભાગ્યશાળી દાતાશ્રીઓની યાદી.

**૨૬૦૦૦/- હસમુભાઈ રાઠોડ (એડવોકેટ), સેમિનારના ભોજન દાતા * ૧૬,૦૦૦/- હરેનભાઈ પારેખ, બિલ્ડર મણીનગર, અમદાવાદ * ૧૧૦૦૦/-હરેશભાઈ ભટ્ટી, વર્ષાબહેન ભટ્ટી, સુરત** * ૬૦૦૧/- નિતેશભાઈ અંકલેશ્વરીયા, અમદાવાદ * ૬૦૦૧/- વૈધ બળદેવપ્રસાદ પનારા, અમદાવાદ * ૬૦૦૦/- રમાબહેન બડમલીયા,ચોટીલા * ૬૦૦૦/- ભાવેશભાઈ ભલગામડીયા, સુરેન્દ્રનગર * ૫૦૦૧/- ભાનુભાઈ એન. વૈધ, પ્રમુખશ્રી, અમદાવાદ * ૫૦૦૧/- કિરીટકુમાર એમ. ભટ્ટી, અમદાવાદ * ૫૦૦૧/- એસ. બી. પારેખ, ભૂમિકા ટ્રાવેલ્સ, અમદાવાદ * ૫૦૦૧/- વસંતભાઈ, કલોલા, રાજકોટ * ૫૦૦૧/- બળદેવભાઈ જી. વૈધ ચાંદલોડીયા, અમદાવાદ

* ૫૦૦૦/- જસવંતભાઈ શર્મા, અમદાવાદ * ૫૦૦૦/- શ્રીમતી વિભાબેન મહેશભાઈ ભટ્ટી, અમદાવાદ * ૫૦૦૦/- કુદનબહેન ડી. લાઘણોજા, પાર્લેવાળા * ૫૦૦૦/- અશ્વિનભાઈ લીમ્બાચીયા, અમદાવાદ * ૫૦૦૦/- સંજયભાઈ પારેખ, ઉપપ્રમુખશ્રી ગુ. વા. સે સંઘ, અમદાવાદ * ૪૦૦૦/- પરેશભાઈ વણોદીયા, અમદાવાદ * ૩૩૩૩/- બિપીનભાઈ સી. શર્મા આણંદ * ૩૦૧૧/- યશવંતભાઈ પી, વાઘેલા રાજકોટ * ૩૦૦૧/- જયેશભાઈ કે. પારેખ વડોદરા * ૩૦૦૦/- દિપેશભાઈ એમ, શર્મા (CA) ગોતા, અમદાવાદ * ૩૦૦૦/- અરવિંદભાઈ જે. શર્મા USA, હાલ અમદાવાદ * ૩૦૦૦/- નિલેષભાઈ પારેખ સાઉથ બોપલ, અમદાવાદ * ૩૦૦૦/- પ્રહલાદભાઈ એલ. નાયી મુ ચરાડા, હાલ ન્યુ નરોડા, અમદાવાદ * ૨૫૦૦/- અરવિંદભાઈ દમણી, અમદાવાદ * ૨૫૦૦/- દિલીપભાઈવાઘેલા, સુરત * ૨૧૦૧/- શાતિભાઈ અઘારા, મોરબી * ૨૧૦૦/-મનુભાઈ ભાટિયા, આણંદ * ૨૦૦૧/ -હરગોવિદભાઈ સબારા, સુરેન્દ્રનગર * ૨૦૦૦/- પ્રિયકાતભાઈ ખરચલીયા, ગાંધીનગર * ૨૦૦૦/- વિપુલભાઈ પારેખ, * ૨૦૦૦/-મનીષકુમાર ડી, પારેખ, કરમસદ * ૨૦૦૦/- એસ. જી. નાયી, નિવૃત મામલતદાર, અમદાવાદ * ૨૦૦૦/- મુંજાલકુમાર બી. બડમલીયા, ભાવનગર * ૨૦૦૦/- રાજુભાઈ ઢગલાવાળા, સુરેન્દ્રનગર * ૨૦૦૦/- કાલીદાસ કે. પારેખ, અમદાવાદ * ૨૦૦૦/- ઉદયનભાઈ જી. લિમ્બાચીયા, અમદાવાદ * ૧૫૦૦/- દેવેન્દ્રભાઈ કોન્ટ્રાકટર, ઓઢવ અમદાવાદ * ૧૫૦૦/- રાજુભાઈ લિમ્બાચીયા, કેર ઇમિગ્રેશન, અમદાવાદ * ૧૧૧૧/- અશોકભાઈ વૈધ, મહેસાણા * ૧૧૧૧/- રાકેશભાઈ ગોંડલીયા, જૂનાગઢ હાલ, સાઉદી અરેબિયા * ૧૧૦૧/- પ્રવિણભાઈ જોટંગીયા, રાજુલા * ૧૧૦૦/- જગદીશભાઈ સુરાણી, રાજકોટ * ૧૧૦૦/- સુરેશભાઈ એચ. ભેજાળિયા, અમદાવાદ * ૧૧૦૦/- રમણભાઈ પી. ખરચલીયા * ૧૧૦૦/- શંકરભાઈ ભાટિયા, અમદાવાદ * ૧૧૦૦/- શ્રી એસ. પી. શર્મા * ૧૧૦૦/-ગોપાલભાઈ કે. વાળંદ, અમદાવાદ, કુડાસણ ગાંધીનગર * ૧૧૦૦/- વિનોદભાઈ એન, વડોદરીયા SBI, અમદાવાદ * ૧૧૦૦/- જીવનલાલ સી. પારેખ. અમદાવાદ * ૧૧૦૦/- રતિલાલ એમ. તલાટી અમદાવાદ * ૧૧૦૦/- જ્યોતિદ્રભાઈ સૂર્યાવાલા, અમદાવાદ, * ૧૦૦૧/- યોગેશભાઈ પારેખ, ખંભાત * ૧૦૦૧/- વિજયભાઈ અમૃતભાઈ પારેખ, સેટેલાઈટ, અમદાવાદ * ૧૦૦૦/-હસમુખભાઈ લખતરીયા, ગોંડલ * ૧૦૦૦/-મહેશભાઈ પારેખ, અમદાવાદ * ૧૦૦૦/- દિપકભાઈ આર. ભટ્ટી રાજકોટ * ૧૦૦૦/- રમેશભાઈ બી. ચાવડા ધ્રાંગધ્રા * ૧૦૦૦/- રોહિતભાઈ ઝોલાપરા, પાટડી * ૧૦૦૦/- ડોક્ટર નટવરલાલ કે. વાઘેલા, ભાવનગર * ૧૦૦૦/- રસિકભાઈ એસ. લિમ્બાચીયા, ઐઠોર, અમદાવાદ * ૧૦૦૦/- પ્રવિણભાઈ, એન. સુરાણી, જામનગર * ૧૦૦૦/- નંદલાલભાઈ એન. રાઠોડ, રમરેચી તાલાલા * ૧૦૦૦/- રાજુભાઈ, જી અડાલજા, નાવા, ચોટીલા * ૧૦૦૦/- વજુભાઈ એમ. મારૂ, રાજકોટ * ૧૦૦૦/- વિનોદભાઈ એમ. શર્મા, બોપલ અમદાવાદ.

આપ સર્વનો સમગ્ર ટ્રસ્ટીગણ વતી ખુબ આભાર.

**- કિરીટકુમાર એમ. ભટ્ટી**
**મહામંત્રીશ્રી, શ્રી લીંબચમાતા જ્વાલામાતા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ અમદાવાદ. +91 9825186008**

**(આ કાર્યક્રમના ફોટોગ્રાફ પેજ નં. ૨૩ પર છે.)**

## શ્રી નાની છાસઠ નાયી સમાજ વિદ્યાર્થી માર્ગદર્શન તાલીમ સેમિનાર
## 7th Career Counselling Seminar

શ્રી નાની છાસઠ નાયી સમાજ અને સહાયક યુવક મંડળ અને અન્ય પેટા મંડળોના સંયુક્ત ઉપક્રમે શ્રી આત્મારામભાઈ ડી શર્મા સાહેબની (લાંગણજ) ૧૦૧મી જન્મ જયંતી વર્ષની ઉજવણીના ભાગરૂપ તેમજ સહાયક યુવક મંડળના સુવર્ણ જયંતી વર્ષની ઉજવણીના ઉપલક્ષમાં આયોજિત વિદ્યાર્થી માર્ગદર્શન તાલીમ સેમિનાર ૨૦૨૪ CAREER COUNSEL-

LING SEMINAR ગણપત યુનિવર્સિટી ખેરવા તા.જી. મહેસાણાના ડિપ્લોમા વિભાગના ન્યુ એન્જિનિયરિંગ બિલ્ડીંગના સેમિનાર હોલમાં ખૂબ જ જીજ્ઞાશા, ઉત્સાહ,ઉમંગ અને જ્ઞાનસભર વાતાવરણમાં કુશળ અને અનુભવી તજજ્ઞશ્રી ઓ દ્વારા ઉચ્ચ અભ્યાસ માટેની તકો અને અભ્યાસક્રમની પસંદગી અંગે સચોટ માર્ગદર્શન સહ સંવાદ સેમિનાર સફળતાપૂર્વક યોજાયો. જેમાં સમાજના ધોરણ ૧૦ થી ઉચ્ચ અભ્યાસ કરતા ૧૫૫ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન થયેલું તેમાંથી ભાગ્યશાળી ૮૭ વિદ્યાર્થીઓ અને ૨૯ વાલીઓ અને પેટા મંડળોના કાર્યકરોએ હાજરી આપી હતી

ડિપ્લોમા વિભાગના ડીન માનનીય સત્યન જૈન સર અને માનનીય પ્રિન્સિપાલ શ્રી કે પી પટેલ સાહેબ અને શ્રી વિ કે પટેલ પટેલ સાહેબ તેમજ ખૂબજ શિક્ષણ પ્રેમી અને સેમીનારના ઉદઘાટક એવા સમાજના મુખ્ય સહયોગી દાતાશ્રી પૂજ્ય પશીબેન છનાલાલ નાઈ પરિવાર (મુલસણ મહેસાણા)ના સુપુત્રો માનનીય ગાંડાભાઈ, માનનીય ડાહ્યાભાઈ અને માનનીય મનુભાઈ ની ઉપસ્થિતિમાં તેમજ સેમિનારના સહયોગી દાતાશ્રી માનનીય શ્રી ગિરધરભાઈ કે નાઈ ટીંટોદણ અને બંને સંસ્થાના પ્રમુખશ્રી મંત્રી શ્રી વિગેરેની પ્રેરક ઉપસ્થિતિમાં ગણેશ વંદના સહ સર્વેના વરદ હસ્તે મંગલમય દીપ પ્રાગટ્ય દ્વારા સેમિનારનું ઉદઘાટન કરીને શુભારંભ કરવામાં આવેલ.

ગણપતિ યુનિવર્સિટીના માન.તજજ્ઞ શ્રી ડો. વિક્રમભાઈ એન. પટેલ સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને જીવનમાં શિક્ષણનું મહત્વ,,? શા માટે શિક્ષણની જરૂરિયાત,,? તેમજ ધોરણ ૧૦ અને ૧૨ પછી અભ્યાસક્રમો અને જુદી જુદી ફેકલ્ટી અંગેની તેમજ સરકારી યોજનાઓ વિશે ઓડિયો વીડિયો માધ્યમથી તલસ્પર્શી માહિતી પોતાના જીવનના જુદા જુદા દ્રષ્ટાંતો સાથે પૂરી પાડી હતી. ડોક્ટર અજય શર્મા સાહેબ(ઓમ)કેરિયર કાઉન્સિલિંગ સેન્ટર માણસા દ્વારા શિક્ષણ અને અભ્યાસનો તફાવત સમજાવી કેવી રીતે અભ્યાસ કરવો જોઈએ તે અંગેની પાયાની માહિતી તેમજ પોતાના જીવનની કારકિર્દી સારું સ્પર્ધાત્મક પરીક્ષાઓ યુપીએસસી જીપીએસસી, અને અન્ય વર્ગ-૨ તથા વર્ગ ૩ ની સ્પર્ધાત્મક પરીક્ષાઓ કેવી રીતે આપી શકાય તેની પૂર્વ તૈયારી તેમજ વિષય વસ્તુનું જ્ઞાન તેમજ સ્પર્ધાત્મક લેખિત અને મૌખિક પરીક્ષા દરમિયાન પૂછાતા પ્રશ્નો અને ધ્યાન રાખવાની બાબતો અંગે ખૂબ જ વિસ્તૃત થી માહિતી પૂરી પાડી હતી.

એક્સપર્ટ એજ્યુકેશન અમદાવાદ દ્વારા વિદેશ અભ્યાસ કરવા માટેની પૂર્વ તૈયારી અને વિદેશમાં કયા કયા અભ્યાસક્રમો, તેમજ તેની ફીનું ધોરણ ,અને સ્ટુડન્ટ વિઝા પ્રોસેસ તેમજ શૈક્ષણિક લોન અંગે ની વિસ્તૃત માહિતી ઓડિયો વીડિયો દ્વારા પૂરી પાડી જરૂરી સાહિત્ય સાથે દરેક વિદ્યાર્થી વાલીને કીટવિતરણ કરવામાં આવ્યું હતું.

બપોરે સ્વરુચિ ભોજન બાદ ગણપતિ યુનિવર્સિટી ની ત્રણ લક્ઝરી બસ દ્વારા સંસ્થા દર્શન તેમજ જુદા જુદા અભ્યાસક્રમોના પ્રેક્ટીકલ લાઇબ્રેરીની મુલાકાત આપી તે અંગેની માહિતી માન. ભાવેશ સર અને વિ. ડી.સર દ્વારા આપવામાં આવી. બીજી સેશનમાં વિદ્યાર્થીઓને બૌદ્ધિક રમતો તેમનામાં રસ રુચિ અને જિજ્ઞાસા નો વિકાસ થાય અને વાકપટુતા કેળવાય તેવા હેતુસર માનસિક ક્ષમતા, બૌદ્ધિક કસોટીઓ ચકાસી હાજર તજજ્ઞો દ્વારા માહિતગાર કરવામાં આવ્યા.

પરમ પૂજ્ય એ.ડી. શર્મા સાહેબની જીવનશૈલી પરિચય અને વિદ્યાર્થીઓના જીવન ઘડતર અંગેની અન્ય માહિતી માન. વિઠ્ઠલભાઈ (મેઉ મહેસાણા ) દ્વારા આપવામાં આવી હતી. શ્રી નાની છાસઠનાઈ સમાજની શૈક્ષણિક સામાજિક અને આર્થિક સહયોગ લગતની પ્રવૃત્તિ પરિચય તેમ જ સંસ્થા દ્વારા આગામી અમલમાં મૂકવાની યોજનાઓ અંગેના અભિગમ ની વિસ્તૃત થી માહિતી સંસ્થાના પ્રમુખશ્રી પ્રવીણભાઈ જી. લીમ્બાચીયા (સાલડી અમદાવાદ)દ્વારા પૂરી પાડવામાં આવી. રૂક્ષ્મણી બેન આત્મારામ ભગત ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈની સમાજમાં અપાતી વિવિધ આર્થિક સહાય અંગેની પ્રવૃત્તિ પરિચય શ્રી મહેશભાઈ શર્મા ખજાનચી( મેઉ / ગોજારીયા )દ્વારા પૂરી પાડવામાં આવી અને આ પ્રસંગે ટ્રસ્ટના પ્રતિનિધિ તરીકે માન. શૈલેષભાઈ (અમદાવાદ) અને માનનીય નારણભાઈ (ચરાડા અમદાવાદ )ખાસ પ્રેરક ઉપસ્થિતિ પૂરી પાડતા તેઓનું

સંસ્થા દ્વારા સન્માન કરવામાં આવેલું.ડોક્ટર અમૃતભાઈ (વિડજ ગાંધીનગર) દ્વારા . શૈક્ષણિક કાર્યક્રમ બિરદાવી હોદ્દેદારો ને અભિનંદન પાઠવી વિદ્યાર્થીઓને જીવન ઘડતર ઉપયોગી ભવિષ્યમાં શું શું કરી શકાય? અને સમાજ માટે શું કરી શકો તેની માહિતી પૂરી પાડવામાં આવી. વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નો અને તેમના પ્રતિભાવો મેળવવામાં આવ્યા અને તજજ્ઞશ્રીઓ તેમજ સમાજના હોદ્દેદારશ્રીઓએ સંતોષકારક રીતે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા

**સેમિનારની વિશેષતાઓ :** ગણપત યુનિવર્સિટી કેમ્પસ ખૂબ જ નયનરમ્ય અને સંપૂર્ણ ભૌતિક સુવિધાઓ અને ટેકનિકલ ઓડિયો/વીડિયોની સુવિધા સભર એ.સી. હોલ બપોરે સ્વરુચી,, ભોજન,, ચા કોફી નાસ્તો,,, પીવાના ઠંડા પાણીની સંપૂર્ણપણે વ્યવસ્થા તેમજ સંસ્થા દર્શન વિગેરે સુવિધાઓ ગણપતિ યુનિવર્સિટીના સંચાલકશ્રીઓ દ્વારા સ્પોન્સર કરી યજમાન પદ સ્વીકારી પૂરી પાડેલ છે તે બદલ સંસ્થા ખૂબ ખૂબ આભાર માને છે. સેમીનારને સફળ કરવામાં આર્થિક સહયોગ કરનાર દાતાશ્રીઓ સેમિનારના મુખ્ય સહયોગી દાતા અને ઉદઘાટક શ્રી માન.પશીબેન છનાલાલ નાઈ પરિવાર( મુલસણ મહેસાણા) સુપુત્રો માન. શ્રી ગાંડાભાઈ,માન. શ્રી રમણભાઈ,માન.શ્રી ડાહ્યાભાઈ, માન.શ્રી મનુભાઈ માન. શ્રી વિષ્ણુભાઈ વિગેરે પરિવાર તરફથી ૩૧,00000 નું દાન આપી આર્થિક સહયોગ પૂરો પાડવા આવેલો આ ઉપરાંત દરેક વિદ્યાર્થીઓને ચોપડા અને પેન કીટમાં પુરી પાડવામાં આવી હતી આ તબક્કે હૃદયના પુરા ભાવથી સંસ્થા ખૂબ ખૂબ આભાર માને છે.

**રૂપિયા ૧૧,૦૦૦/-ના અન્ય સહયોગી શિક્ષણપ્રેમી દાતાશ્રીઓ.**

(૧) શ્રીમતી લક્ષ્મીબેન ગિરધરભાઈનાઈ (ટીંટોદણ), (૨) શ્રીમતી નયનાબેન દશરથભાઈ નાઈ (દલાલ), (ઉમાનગર નંદાસણ), (૩) શ્રીમતી ભગવતીબેન નટવરલાલ શર્મા (અંબાવપુરા અમદાવાદ) (૪) શ્રીમતી રમીલાબેન અનિલભાઈ નાઈ(ઘુમાસણ મુંબઈ), (૫) શ્રીમતી જયશ્રીબેન દીપકકુમાર લીમ્બાચીયા (વેડા) અમદાવાદ) (૬) શ્રીમતી મીનાબેન પંકજભાઈ પારેખ (ભેવડ અમદાવાદ કેનેડા/) (૭) શ્રીમતી સુજાતાબેન રોહિતકુમાર નાઈ (ટીંટોદણ અમદાવાદ) (૮) શ્રીમતી મનિષાબેન જીગ્નેશભાઈ પારેખ (ચરાડા, અમદાવાદ) (૯) શ્રીમતી રક્ષાબેન અમૃતભાઈ નાઈ (ડાભલા) અમદાવાદ) (૧૦) શ્રીમતી હર્ષાબેન નિકુંજભાઈ લીમ્બાચીયા (ગોજારીયા અમદાવાદ) આ તબક્કે સર્વે દાતાશ્રીઓનો હૃદયના પુરા ભાવથી સંસ્થા તરફથી ખુબ ખુબ આભાર માનવામાં આવે છે. સમાજના આયોજન અને હેતુ અનુસાર નિર્ધારિત કાર્યસૂચિ મુજબ કાર્યક્રમ સંતોષજનક રીતે સંપન્ન થયો. સહાયક યુવક મંડળ, મુંબઇ, કડી, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, સુરત, વડોદરા વિગેરે મંડળનો ખૂબ જ સુંદર સહયોગ રહ્યો. દરેક વિદ્યાર્થીઓને નોટબુક – પેન, માહિતી કીટ આવવા-જવા વાહનવ્યવહારની સગવડ વિના મૂલ્યે કરવામાં આવી. બાળકોને ગણપત યુનિ. કેમ્પસ અને મુલસણ વિદ્યાસંકુલની વીઝીટ કરાવી. સેમિનારને સફળ કરવામાં સર્વશ્રી મહેશભાઇ વકીલ,,, મંત્રી શ્રી સહાયક યુવક મંડળ (જાસલપુર) પ્રમુખ, જયેશભાઇ(વસઇ), વિનોદભાઇ (લાંઘણજ), ગુણવંતભાઇ (ડાંગરવા) વિગેરે પારંભીક રજીસ્ટ્રેશન ની અને વિદ્યાર્થી વાલીઓ સાથે સંકલનની ખૂબ સારી કામગીરી કરેલ હતી આ ઉપરાંત કનુભાઈ (ડાભલા) પ્રમુખશ્રી, અમદાવાદ મંડળ મહેશભાઇ (મેઉ), મહેશભાઇ (દેવરાસણ) શ્રી વિષ્ણુભાઈ, પ્રમુખ કડી મંડળ (સરસાવ), રાજુભાઈ (પડશમા), મંત્રી ગાંધીનગર મંડળ, દેવરાસણ), રાકેશભાઇ ખજાનચી અમદાવાદ મંડળ (ચરાડા અમદાવાદ), સુરેશભાઇ, પ્રમુખ, મહેસાણા મંડળ (ખરવડા), જશવંત ભાઇ (રંગપુરડા) તેમજ બાબુભાઈ (ખેરવા), અમૃત ભાઇ (ભુલસણ), મયુરભાઈ, (વસઈ ગાંધીનગર), રસિકભાઈ (જામળા અમદાવાદ.) બચુભાઈ, ડાભલા અમદાવાદ વાસુભાઈ (રાજપુર) કમલેશભાઈ દેવરાસણ, ગૃહ પતિ મુલસણ, સુરેશભાઈ, (આંબલીયાસણ ગૃહપતિ) ગીરીશભાઈ (રંગપુરડા અમદાવાદ તેમજ શ્રી જીવરામભાઇ (વડાવી) મંત્રીશ્રી મુંબઈ મંડળઅને સંજયભાઈ(ખરણા) પ્રમુખશ્રી સુરત મંડળ વિષ્ણુભાઈ (કૈયલ) પ્રમુખશ્રી, વડોદરા

મંડળ વિગેરે સંનિષ્ઠ કાર્યકરો સહિત સર્વે એ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે માતૃ સંસ્થાના પ્રમુખશ્રી મંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રચાર પ્રસાર કરી ખુબજ જહમત ઉઠાવી રજીસ્ટ્રેશનની અને અન્ય કામગીરી નિભાવી કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ કર્યો એ બદલ સર્વેને ધન્યવાદ સાથે ખુબ ખુબ આભાર.

સેમિનાર કાર્યક્રમનું સંચાલન મંત્રી શ્રી ભરતભાઈએ ખુબ સુંદર રીતે સમય બદ્ધ પૂરું પાડ્યું. સાંજે ૫:૦૦ વાગે આભાર દર્શન અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનું વિસર્જન કરવામાં આવ્યું. સૌ ચા પાણી નાસ્તો મેળવી છૂટા થયા.

કાર્યક્રમની સફળતા સારું વિદેશોમાં વસતાં આ સમાજના અનેક શ્રેષ્ઠીઓએ પરોક્ષ રીતે શુભેચ્છા સંદેશ પાઠવી શૈક્ષણિક પ્રવૃત્તિને બિરદાવી હતી. સર્વેનો આ તબક્કે ખૂબ ખૂબ આભર. સેવામાં, હર હંમેશ સમાજ ઉત્કર્ષ માટે કટિબદ્ધ પ્રમુખશ્રી પ્રવિણકુમાર જી. લિંબાચિયા સાલડી અમદાવાદ.

**મંત્રી : ભરત કુમાર કે નાયી (પલિયડ અમદાવાદ)**
**શ્રી પાટણવાડા પરગણા વચલા વિભાગ સુરત મંડળ**

## શ્રી પાટણવાડા પરગણા વચલા વિભાગ સુરત

મંડળ નો ૧૫ મુ નોટબુક વિતરણ કાર્યક્રમ તા ૧૫/૬/૨૪ શનિવારે યોજવામાં આવ્યો હતો પ્રમુખ શ્રી કનુભાઈ જી. લીમ્બાચીયા મંત્રી શ્રી સંજયભાઈ સી લીમ્બાચીયા આયોજક શ્રી અનમોલ કનુભાઈ લીમ્બાચીયાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યું હતું મુખ્ય મહેમાન શ્રી વિરેન્દ્રકુમાર એસ. લીમ્બાચીયા શૈલેષભાઈ કે નાઈ મહેન્દ્રભાઈ જી. પારેખ વિપુલભાઈ સી પારેખ અતિથિ વિશેષ મહેમાન શ્રી રમેશચંદ્ર એસ શર્મા હરેશભાઈ એન. લીમ્બાચીયા જગદીશભાઈ ડી. લીમ્બાચીયા રમેશભાઈ આઈ. પારેખ ગુજરાતી ફિલ્મ સુપરસ્ટાર રાજદીપ એક્ટર youtube કિરણભાઈ ખોખારી રમતો જોગી ડો શ્રુતિબેન પટેલ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા સમાજના દરેક ટોપ ટેન વિદ્યાર્થીઓને ઇનામ પણ આપવામાં આવ્યા હતા સાથે સાથે દરેક વિદ્યાર્થીઓને નોટબુક પણ આપવામાં આવી હતી સૌ સાથે ભોજન પણ લીધું હતું અને વચલો વિભાગ ખૂબ પ્રગતિના પંથે જાય એકતા સંગઠન ની પણ ચર્ચા કરવામાં આવી હતી.

**સાભાર : નાયી હિતેચ્છુ**

## સોરઠીયા વાળંદ યુવક મંડળ-સુરતના પ્રથમ સ્નેહમિલન અને વિધાર્થી સન્માન યોજાયું

પેટા : સુરતમાં વસતા ૧૨૦૦થી વધુ લોકએ ઉપસ્થિત રહી આયોજકો પરના વિશ્વાસનો પરિચય આપ્યોસુરત : સુરત સ્થિત સોરઠીયા વાળંદ યુવક મંડળ દ્વારા સોરઠીયા વાંળદ સમાજ ટ્રસ્ટ સુરત અને સેનબંધુ સમાચારના સંયુકત ઉપક્રમે તારીખ ૨૨મી જુન ૨૦૨૪ના રોજ પ્રથમ સ્નેહમિલન અને વિધાર્થી સન્માન કાર્યક્રમ યોજાઇ ગયો, સંસ્થાના પ્રમુખ ચિરાગ પરમાર, સમાજના પ્રમુખ નવિનભાઇ પરમાર અને તેની કમિટિ, સલાહકારો પ્રફુલ વાઘેલા(મેનેજીંગ તંત્રી સેનબંધુ), રાજેશ વાજા (તંત્રી સેનબંધુ), મહેશ ચુડાસમા, મનીષ વાઢેર અને બાલુભાઇ ચુડાસમાના માર્ગદર્શનમાં કમિટિ મેમ્બર ચંદ્રેશ રાઠોડ, કીશન વાજા, મુકેશ રાઠોડ, ભરત વાઢેર, વિ પરમાર, દિવ્યેશ રાઠોડ, પિયુષ પરમાર, ભરત માવધીયા, ધવલ વાઘેલા, જય ચુડાસમા, મનીષ ચૌહાણ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી હતી. કેજીથી ધોરણ-૧૨માં ૧ થી ૩ વિધાર્થીઓને સીલ્ડ, નેટબુક, પેડ અને કીટ આપી સન્માનીત કરાયા હતા. જયારે ૨૩૦થી વધુ વિધાર્થીઓને નોટબુક વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમા સુરતમાં વસતા સોરઠીયા વાળંદ સમાજના ૧૨૦૦થી વધુ લોકોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમમાં ડો.કે.બી.ચુડાસમા(પ્રિન્સીપાલએ સુંદર માર્ગદર્શન આપ્યુ હતું. શિક્ષક પ્રફુલ વાજાએ સુદંર સંચાલન કર્યું હતું. કાર્યક્રમના અંતે સમુહભોજન સાથે સમાપન કરાયું હતું.

**સાભાર : નાયી હિતેચ્છુ**

## હોમીયોપેથીને જાણો

**અમદાવાદના જાણીતા હોમીયોપેથીક ડૉક્ટર**
**ડૉ. યોગેશ કે. લીંબાચીયા,**
કન્સલ્ટીંગ હોમીયોપેથી
શ્રીદા હોમીયો ક્લીનીક, અમદાવાદ

હોમીયોપેથી એક ગ્રીક શબ્દ છે. હોમીસનો અર્થ સીમીલર પેથોસનો અર્થ સારવાર. હોમીયોપેથી એક જર્મન સારવાર પદ્ધતિ છે. જેની શોધ જર્મન ફિઝીશિયન ડૉ. સેમ્યુઅલ હનેમને ઈ.સ. ૧૭૯૬માં કરી હતી.

હોમીયોપેથીનો સિદ્ધાંત છે માણસની પ્રકૃતિને જાણીને દવા આપવી. જેમાં ‘ઝેરનું મારણ ઝેર’ એ રીતે વ્યક્તિનો રોગ જાણી, સ્વભાવ જાણી દવા આપવામાં આવે છે. શરીરની અંદર આ દવા રોગ પ્રતિકારક શક્તિ વધારવાનું કામ કરે છે. હોમીયોપેથીની દવાનો સ્રોત વનસ્પતિ, પ્રાણીઓ અને મિનરલ છે. આ દવામાં વેહીકલ તરીકે વપરાતા પિલ્સ એ કેનસુગર પાઉડર તથા દૂધના પાઉડરમાંથી બને છે. જે સ્વાદમાં મીઠા હોય છે. દવાની મિઠાસના કારણે બાળકોમાં આ મનપસંદ દવા છે.

હોમીયોપેથી જૂના અને હઠીલા રોગોને જડમૂળમાંથી મટાડે છે. જેમકે સોરાયસીસ, શરીરની અંદર થતા ઓટોઈમ્યુન રોગો અને વારસાગત રોગો માટે રામબાણ સાબીત થઈ છે. ચામડીના રોગો, પેટના રોગો, શ્વાસના રોગો, માનસીક રોગો, બી.પી., થાઈરોઇડ વગેરેમાં અકસીર સાબીત થઈ છે.

**આ દવા કામ કઈ રીતે કરે છે અને આ સારવાર પદ્ધતિને લઈને ઉદ્‌ભવતા પ્રશ્નો આવતા અંકે... પ્રશ્નો માટે Whatsapp કરો : 9724532255 પર અંકમાં જવાબ આપીશું.**

‘વાળંદ વિકાસ’માં પ્રસિદ્ધ થનાર લખાણની જવાબદારી તેના પ્રેષકની રહેશે. ગુજ. વા. સ. સંઘ, તંત્રી કે સંપાદક મંડળ હંમેશા તેની સાથે સહમત છે તેવું માનવું નહિ. – તંત્રી, વા.વિ.

## જ્ઞાતિરત્ન વૈદ્યરાજ બળદેવપ્રસાદ પનારાનું વિશિષ્ટ સન્માન

આપણી જ્ઞાતિના વૈદ્યરાજ બળદેવપ્રસાદ પનારા કે જેઓ આયુર્વેદ, ધર્મ અને જ્યોતિષ વિષયના કુલ ૧૩૦ જેટલા પુસ્તકો લખીને તથા છેલ્લા ૬૦ વર્ષથી સતત આયુર્વેદ ચિકિત્સા દ્વારા દર્દીઓની ચિકિત્સા સારવાર કરવાથી દેશ-વિદેશમાં, એક અનુભવી, સફળ નાડીવૈદ્ય તરીકે પ્રસિદ્ધ છે. ‘વાળંદ વિકાસ’ પત્રિકામાં પણ તેઓના વૈદ્યકીય લેખો અવારનવાર પ્રગટ થયા કરે છે.

આ વૈદ્યરાજ પનારાનું તા. ૧૪-૭-૨૦૨૪ના રોજ બે જુદી જુદી સંસ્થાઓએ સન્માન કરેલ છે. લિંબચ માતા - જ્વાલા માતા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટે રવિવારે તા. ૧૪ જુલાઈ ૨૦૨૪ના રોજ ‘દશકોશી વિદ્યામંડળ’ના સભા હોલ (ગુલબાઈ ટેકરા), અમદાવાદ ખાતે વિદ્યાર્થીઓને આર્થિક સહાય, વિતરણ અને રોજગાર માર્ગદર્શનના આયોજિત સેમિનાર પ્રસંગે નિમંત્રિત ખાસ મહેમાનોના ‘સન્માન કાર્યક્રમ’ દરમ્યાન વૈદ્ય શ્રી બળદેવપ્રસાદ પનારાનું પણ પુષ્પહાર તથા શાલ દ્વારા સન્માન કરાયું છે. તેમણે ગયા વર્ષની જેમ આ વર્ષે પણ રૂા. ૬,૦૦૧/-નું દાન ‘વિદ્યાર્થી સહાય’ માટે આપેલ છે.

આ જ રવિવારે બપોરે અમદાવાદના મણીનગરમાં આવેલ ‘એકા ક્લબ’માં ‘નિમા’ (નેશનલ ઇન્ટીગ્રેટેડ મેડિકલ એસોસિયેશન) તથા કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલયના સહકારથી તા. ૧૨-૧૩-૧૪ જુલાઈ નો ત્રિદિવસીય ‘આયુર્વેદ એક્સપો’નો ભવ્ય કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં સંસ્થા દ્વારા અનેક વિદ્વાનો તથા આયુર્વેદ ક્ષેત્રે નોંધનીય સેવા પ્રદાનકર્તા વૈદકીય પ્રેક્ટિશનરોનું એવોર્ડ દ્વારા સન્માન કરાયું હતું. જેમાં વૈદ્યરાજ બળદેવપ્રસાદનું પણ ‘નિમા’ સંસ્થા દ્વારા ‘આયુર્વેદ-શિરોમણિ’ નામનો વિશિષ્ટ માનપ્રદ એવોર્ડ, મોમેન્ટો તથા શાલ અર્પણ કરી, તેમનું બહુમાન કરાયું છે. આ બહુમાન વૈદ્ય પનારાએ પોતાના જીવનના ૬૦ વર્ષ સુધી વેદ ક્ષેત્રે ૧૩૦ જેટલાં પુસ્તકો, મેગેઝીનોમાં ૨૦૦૦ લેખો, રેડિયો તથા દૂરદર્શન પર અનેક વૈદકીય પ્રવચનો આપીને તથા ગુજરાતમાં અનેક સ્થળે રોગ નિદાન શિબિરો તથા વૈદ્યકીય ચાર્ટ્સના પ્રદર્શનો યોજીને

આયુર્વેદનો ઉત્તમ પ્રચાર-પ્રસાર કરવા સાથે, ૬૦ વર્ષ સુધી અસંખ્ય દર્દીઓની વૈદ્યકીય સારવાર સતત કરતા રહેવાની સેવાના સંદર્ભમાં 'નિમા' દ્વારા વિશિષ્ટ સન્માન કરાયું છે. તેમની આયુર્વેદ ક્ષેત્રની વૈવિધ્યસભર દીર્ઘકાલીન (૬૦ વર્ષ સુધી) સેવા અન્ય પ્રેક્ટિશનરો માટે એક આદર્શ પ્રેરણારૂપ, ઉત્સાહજનક તથા સમાજસેવા તરીકે ચિરસ્મરણીય રહેશે.

**લિ. સુરેશચંદ્ર એચ. ભેંજાળીયા**

## નાચી વાળંદ સમાજના નવા બાંધકામમાં કુદરતે આપેલી હાથની પાંચે આંગળીઓ ભેગી કરી મહાયજ્ઞમાં પુણ્ય કમાવવાની સુવર્ણતક

અમદાવાદના ધમધમતા અને વિકાસની હરણફાળ ભરતા વાળંદ વિકાસ સંઘ પુધરા ખાતે નવા બાંધકામનો આરંભ થ ઇ ચુક્યો છે...એ બાંધકામ નહીં પણ સમાજના બાળકોનું ભવિષ્ય ઘડાઈ રહ્યું છે...હાલના સમયમાં શિક્ષણ મહત્વનું અંગ છે.. જેટલો સમાજ શિક્ષિત એટલો જ વિકાસ....સમાજ તરફથી હાથ ધરેલો પ્રોજેક્ટ એટલે દરિયામાં ડુબકી લગાવી મોતીને પ્રાપ્ત કરવા બરાબર છે...ખુબજ કઠીન અને સંઘર્ષ થી ભરેલા આ કાર્ય સમાજ તરફથી દાનની સરવાણી ઉદાર હાથે કરી આ મહાયજ્ઞમાં પુન્ય કમાવવાની ઊત્તમ તક કુદરતે આપી છે...તો તેનો સદુપયોગ કરી આપેલી પાંચ આંગળીઓ વાળી યથાશક્તિ આપનું યોગદાન આપી પોતાના સમાજ પ્રત્યેના ઋણમાંથી મુક્ત થઈએ......અન્ય સમાજની હરોળમાં અને પછાતપણામાથી આવનાર પેઢીના ઉજળા ભવિષ્ય માટે શિક્ષણ અનિવાર્ય બન્યું છે.. એના માટે સમાજ અને સમાજના અન્ય સંગઠનો પોત પોતાની જવાબદારી સમજીને નવા બાંધકામમાં આપના પુરુષાર્થના પરસેવાની મહેક છેવાડાના ગામડાઓ સુધી પહોંચાડવા હાલના ટ્રસ્ટી ગણ રાત દિવસ કામે લાગ્યું. છે..મિત્રો એક હાથે તાળી ન પડે એમાં સમાજનો સાથ સહકાર યથાશક્તિ દાન માટે સમગ્ર સમાજને નમ્ર વિનંતિ કરી આપના સુધી પહોંચવા માટે કમર કસી લીધી છે. સુષ્ટિ સર્જનહારને પણ કસોટીના રૂપમાં દાન માંગવાના અસંખ્ય દાખલાઓ ઈતિહાસ પાસે મૌજુદ છે..સાથે રહેવું જરૂરી નથી પણ જ્યારે સમાજને જરૂર પડે ત્યારે સાથ અને સહકાર આપે એ જરૂરી છે..આ સમાજની તાસીર એવી રહી છે કે દરેકને આપણે સમજાવી નહીં શકીએ..કેમકે માણસ સમજે છે ઓછું ને સમજાવે છે વધુ. તો આ મેળવેલા શિક્ષણની ત્રુટી સમજાવવી રહી....એના માટે શિક્ષણના નવા સંકુલ માટે સમાજ અને વ્યવસ્થાપક સમિતિ રાતદિવસ સમાજ પાસે ફુલ નહીં તો ફુલની પાંખડી સ્વરૂપે એક સમાજના વિકાસ માટે ઝોળી છલકાવીને સાચા સમાજના સેવક તરીકે આગળ આવો... સમગ્ર સમાજના વિકાસ માટે નામી અનામી સમાજના કાર્યકરોમાં સમાજ દર્શન ચેનલના આદ્યસ્થાપક એવા રમણલાલ લિબાચિયા... હસમુખભાઈ શૈલેષભાઈ દિયોદર... લખતરીયાજી સતત સમાજને આજીજી કરતા નજરે પડે છે... નિખાલસ અને નિસ્વાર્થ ભાવે નવા બંધાતા સમાજના સંકુલમાં પોતાનો કિંમતી સમય ફાળવી પોતાની પ્રતિબધ્ધતા સાબિત કરે છે એમાં જરાય અતિશયોક્તિ નથી.. બાવન સમાજના સક્રિય કાર્યકર અને ઉત્સાહી કાર્યકર્તાની ફોજના સુકાની એવા હર્ષદભાઈ પરેખ નવાગામ અને ખરેખર ગોકુળીયા ગામની યાદ તાજી કરાવતા ગોપાલભાઈ મટોડાવાળા હાલ અમદાવાદ સ્થિત પોતે પણ આ બંન્ને સંનિષ્ઠ કાર્યકરો સમાજના વિકાસમાં સતત દોડધામ કરી પોતાના સમાજ માટે શક્ય હોય એટલી મદદના ભાવ સાથે કર્તવ્ય બજાવે છે સમાજ આ પણ નોંધ લે છે. ટુંકમાં આપણા બગીચાની સાર સંભાળ રાખી ફુલોની સુગંધને મહેકતી કરી સમાજ સુધી પ્રસરે અને નવા બાંધકામમાં આપ ણા પરસેવાની મહેનત સફળ બને તે માટે દરેક સમાજના બંધુઓને નમ્ર અપીલ કરવામાં આવે છે કે જરૂર પડે સમાજના કાર્યમાં જોડાઈને આપ ણું યથાશક્તિ યોગદાન આપી સમાજની શાન વધારી ઋણમાંથી મુક્ત બનીને ત્યારે સમાજના એક જાગ્રુત સેવકની હરોળમાં આવીશું... આ જય લિબચ... જય શેન મહારાજ.

**સાભાર : બી. કે. ન્યૂઝ, લાલભાઈ વાળંદ**
**કલિકુંડ, ધોળકા મો. ૯૯૯૮૯૨૬૧૯૮**

## મારું વિચારબીજ

આપણે ગુરૂપૂર્ણિમા કે ગુરૂપુનમ. આવા ઉજળા ગુરૂપદ ને સામાજિક દ્રષ્ટિથી જોઈએ તો. વર્તમાન સમાજમાં પણ ખરેખર ગુરૂનું પદ શોભાવે તેવા..., નિઃસ્વાર્થ નિષ્કલંક ઉજળું વ્યક્તિત્વ ધરાવતા અમુક સમાજશ્રેષ્ઠીઓ હાલમાં પણ મોજુદ અથવા હયાત છે. માત્ર એમને અંતરમનથી કે ભીતરચક્ષુથી ઓળખવાની દ્રષ્ટિ જોઈએ.

સમાજનુ હિત જેના હૈયે વસેલું હોય , હરદમ સમાજનું ભલું કરતા હોય , હરદીન હરપળ સમાજની નિઃસ્વાર્થ ભાવે સેવા કરતાં હોય , સમાજના જન ની આફતઘડીએ એક મિનિટનો પણ વિલંબ કર્યા સિવાય સ્વખર્ચે ત્વરિત હાજર થઈ જતા હોય , સમાજમાં અવિરત એમની કલમથી કે પ્રત્યક્ષ જ્ઞાન કે બોધપાઠ પીરસતા હોય , સતત સમાજની સુખાકારીની ચિંતા જેને સખત સતાવતી હોય , ગુજરાત ભરના નાયી વાળંદ સમાજની જનતા જનાર્દનને એમનાં અંતરમનથી એક મંચ તળે જોતા હોય , આવી સ્વપ્નદ્રષ્ટિ જેની અહોનીશ હોય એવા સમાજના સાચા તારણહાર ને એમની સ્વપ્રસિદ્ધિ કે હારતોરાના મોહમાં જરા પણ રાચતા નથી..

આવા સાચા સમાજસેવક ખરેખર સાચા અર્થમાં તેઓ સાચેજ ગુરૂ સમાન છે. તેમ હું માનું છું અને તેવા સમાજગુરૂ વર્યને આજના શુભદીને હૃદયપૂર્વક પ્રણામ વંદન અને નમસ્કાર કરૂ છું. બીજું નોંધનીય બાબત આજના શુભ દિવસે રજૂ કરવાનું મન થયું કે. જ્યાં જીવતરના પાઠ શીખવાતા હોય , જીવતરનું શ્રેષ્ઠ ઘડતર થતું હોય , જ્યાં રહીને આપણે ભણી શકતા હોય , ભણીગણીને ઉચ્ચ સરકરી , બિનસરકારી કે ઉચ્ચ વ્યવસાયના રાહ મેળવી આપણા કુટુંબ પરિવારના ભરણપોષણના તારણહાર બન્યા હોય એવું આપણા સમાજની શિક્ષણભૂમિ જેને ગુરૂકુળ , ગુરૂઆશ્રમ કે ગુરૂમઠ કહીએ તો પણ ઓછું પડે તેવી ગુજરાત ભરના નાયી વાળંદ સમાજની, આપણા સૌની સહિયારી માતૃસંસ્થા એટલે.. **ગુજરાત વાળંદ સેવા સંધ.**

વર્તમાન સમયે વિધાર્થીઓને અતિ અત્યાધુનિક સગવડ મળે તે હેતુથી નવા રૂપ રંગ ને આકાર સાથે બહુમાળી બિલ્ડીંગ બનવા સજ્જ થઈ રહ્યું છે. જે માતૃસંસ્થા સદાય વિદ્યાર્થીઓને જીવનના સંસ્કારો આપી જ રહી છે. આજે એ માતૃસંસ્થા તમારી પાસે ઋણ અદા કરવા રૂપે નાનું કે મોટું આપની ક્ષમતા મુજબનું દાન માંગી રહી છે. તો આપ સૌને હું નતમસ્તકે કરબદ્ધ આજીજી કરૂ કે..,

આપ સૌ આ આહ્‌વાનને જબરદસ્ત પ્રતિસાદ આપી સંસ્થાની તિજોરી છલકાવી દેશો. આશા રાખું છું કે મારી નાનકડી અરજને આપ સૌ દિલમાં સ્થાન આપી યોગ્ય કરવા ફરીવાર વિનંતિ કરૂ છું..

સમાજ હિતેચ્છુ.

**- શ્રી આર. જી.લીંબાચીયા, સમાજ દર્શન ચેનલ,**
**મો : 97145 07152, અમદાવાદ.**

## શ્રદ્ધાને પુરાવાની જરૂર નથી

**“મળી છે જિંદગી મોંઘી, સફળ કરવા યાત્રાની,**
**જીવ ને શિવને મલવાની સારી,**
**છે અમરનાથ યાત્રા ભારી.”**

અમરનાથની ગુફા - અમરનાથનું મંદિર કે જયા ભારતીય સંસ્કૃતિના ઊંચા મૂલ્યોનું રક્ષણ થઈ રહ્યું છે. ત્યાં બેસીને ચિંતન કરવાનું મન થાય. ત્યાં અપંગો અને વૃદ્ધોને પણ આવવાનું મન થાય. સેવકોને સેવા કરવાનું મન થાય. એવું એ સ્થળ અમરનાથ.

હે સદાશિવ, તારી કૃપા અપરંપાર છે. તારી કૃપા થકી જ અમે ૮મી જુલાઈ ૨૦૧૦ના રોજ ૬૮ વર્ષ અને પાંસઠ વર્ષની ઉંમરે અમે પતિ-પત્ની તારા દ્વારે આવી શક્યા. એ અમારું આધ્યાત્મિક સાહસ હતું. એ સાહસમાં અમારી શ્રદ્ધાનો દીપક જલતો હતો. અમારી મક્કમતા હતી. માનવમનની શ્રદ્ધા અને વિશ્વાસ માનવને ક્યાં અને કેવી સફળતા અપાવે છે તેનું ઉદાહરણ પ્રસ્તુત કરતાં પહેલા શ્રી શુકદેવજીના બે ત્રણ વાક્યો યાદ આવ્યા. એમણે કહ્યું છે કે “હીરા કોલસાની ખાણમાં ઊંડે પાકે છે, મોતી સમુદ્રના તળિયે પાકે છે અને મહાજ્ઞાની અને ભાગ્યશાળી પુરુષો ગરીબીમાં પાકે છે.” શ્રી શુકદેવજીની વાત તદ્દન સત્ય છે. અમે ગુફામાં

બાબાના દર્શન કરીને નીચે ઉતરતા હતા ને મેં સામેથી અવાજ સાંભળ્યો... "ભમ્મ ભમ્મ ભોલે" અમારી નજર એ અપંગ ઉપર પડી. બે પગ ઘૂંટણની નીચેથી કપાયેલા. બે હાથના સહારે પોતાના શરીરને આગળ વધારતો એ અપંગ માનવી શ્રદ્ધા અને વિશ્વાસથી ભરપૂર, આર્થિક ગરીબી હોવા છતાં પોતાના દિલમાં આધ્યાત્મિકતાની અમીરાઈ અને તેની સાહસિકતાને જોઈ મેં મારો જમણો હાથ તેના માથે મૂકી સ્પર્શ કરી મેં સ્વયં તેની પાસેથી પ્રેરણા મેળવી. મારા શરીરમાં ચમકારો થયો. હું મારા જ દુઃખને જોયા કરું. મારા દુઃખથી હું વ્યથિત થાઉં પણ આ દૃશ્ય જોયા પછી મને થયું કે ના...ના... મારા કરતાં પણ વધુ દુઃખી માણસ જો આવું સાહસ કરી શકે, શ્રદ્ધા અને આત્મવિશ્વાસને - આત્મસાત કરી શકે, આધ્યાત્મિક સાહસ દ્વારા સફળતા મેળવી શકે તો પછી હું કેમ નિર્બળ બનું ? બિચારો અપંગ ભાવનાથી ભીંજાયેલો હતો, શ્રદ્ધાના સ્નાન અને વિશ્વાસના સહારે મંજિલ સર કરતો જોયો. ત્યારે મારા હૃદયની કરૂણતા અને હર્ષના આંસુ મારી આંખમાં છલકાયા. અમે બંને રડી પડ્યા. અપંગને શિશ ઝુકાવ્યું. એ અપંગને જોઈ મિલિટરીમેન ઝડપથી આવી પહોંચ્યા અપંગને બાબાના દર્શન કરાવવાની અને તે અંગે સહાયક બનવાની માનવતા જોઈ ત્યારે તેમને મેં સલામ કરી. દેશદાઝ, દેશસેવા અને માનવતાની મહેંક તેઓની રગેરગમાં ભરી હોવાના કેટલાયે પ્રસંગો અમે રસ્તે જોવા અને અનુભવ્યા !!! ભારતની સંસ્કૃતિને સલામ.

**નટુભાઈ વાળંદ, મો. ૮૯૮૦૪૬૭૩૭૫**
**સુણેવખૂર્દ, તા. હાંસોટ, જિ. ભરૂચ**

# નંદ રાજવંશનો ગૌરવશાળી ઈતિહાસ

**(ક્રમશઃ)**

## નંદરાજ મહાપદ્મનંદનું મૃત્યુ

એરિયનના અનુસાર (પ્રમાણે) સિકંદરની સેના જ્યારે રાવી નદીના કાંઠે ૩૨૬ ઇ.પૂર્વે પહોંચી હતી ત્યારે પાટલીપુત્રમાં નંદરાજ મહાપદ્મનું શાસન હતું. ઉપરોક્ત ઉદાહરણથી જાણકારી મળે છે કે નંદરાજનું મૃત્યુ ૩૨૬ ઇ.સ.પૂર્વના અંતમાં અથવા ૩૨૫ ઇ.સ.પૂર્વના પ્રથમ મહિનામાં થયું હતું.

નંદરાજ મહાપદ્મનંદ બ્રાહ્મણવાદી વ્યવસ્થાના કટ્ટર વિરોધી હતા જેના વિષે અમે પહેલાજ બતાવી દીધું છે. એની બ્રાહ્મણ વિરોધી નીતિથી બ્રાહ્મણોની સામે રોજગારીનો પ્રશ્ન ઉત્પન્ન થઈ ગયો હતો. તેમની ભુસુર (ભુદેવ એકમતથી) તેમજ ઉચ્ચ બનવાની રણનીતિ તથા તેમના દ્વારા કરવામાં આવતા યજ્ઞ અનુષ્ઠાન લગભગ બંધ થઈ ગયા હતા, તેમને પણ લાકડા કાપીને વેચવાનો, ખેતી કરવાની, રથ બનાવવાનો સંદેશવાહકનું કામ કરવાનો કસાઈગીરી વિગેરે જેવા કામ કરી જીવન નિર્વાહ કરવો પડતો હતો. તેમને ન તો કોઈ દાનદક્ષિણા આપવાવાળું હતું ન તો કોઈ તેમને મોટા ઉચ્ચ માનવાવાળું. તેમને લાચાર થઈને રાજ્યના હુકમનું પાલન કરવું પડતું હતું. જ્યારે બ્રાહ્મણ ગરીબ રહીને પણ ઉચ્ચ કહેડાવવા માંગતા હતા પરંતુ આ નંદરાજ મહાપદ્મનંદના રહેતા સંભવ હતું નહીં.

ચાણક્ય તક્ષશિલાથી જ્યારે પહેલી વખત પાટલીપુત્ર આવ્યા તો તેમણે નંદરાજના કુટુંબની સ્થિતિ જાણી. ચાણક્યે ચંદ્રગુપ્તને સમ્રાટ બનવા પ્રોત્સાહિત કર્યો. ચંદ્રગુપ્ત ચાણક્યની કુટિલ ચાલને સમજી શક્યા નહિ તથા તેણે ચાણક્યને પોતાના શુભચિંતક સમજીને તેમને પાટલીપુત્રમાં સ્થાન અપાવી દીધું. ત્યાં સુધી કે ચંદ્રગુપ્તે એક દિવસ નંદરાજ પાસે પોતાને યુવરાજ બનાવવાનો પ્રસ્તાવ પણ રાખી દીધો. પછી તેની માતા મુરાદેવી દ્વારા પણ પોતાના પુત્રને યુવરાજ બનાવવામાં આવે તેવી દરખાસ્ત નંદરાજ મહાપદ્મનંદ સમક્ષ રાખવામાં આવી. જે સાંભળીને નંદરાજે કહ્યું તેને યુવા સેનાપતિ બનાવી દઉં છું. ઉંમર થતા તેને યુવરાજ અથવા સમ્રાટ પણ બનાવી દઈશ. ત્યાર બાદ ચંદ્રગુપ્ત મગધની સૌથી મોટી સેનાના યુવાન સેનાપતિ બની ગયા. ચંદ્રગુપ્ત બીજા ભાઈઓથી પણ અંતર બનાવીને રહેવા લાગ્યા. અન્ય બધા ભાઈઓ તેનાથી ઉંમરમાં મોટા હતા તથા કોઈ વિદિશાના પ્રશાસક હતા તો કોઈ ઉત્તરાપથના, નન્દીવર્ધન કલિંગ, કટક, અયોધ્યા, મથુરા તથા કાશ્મીરના રાજા હતા ધનાન્દ મગધ સામ્રાજ્યના યુવરાજ હતા. બાકી નંદરાજના શાસન વ્યવસ્થામાં

વહીવટદાર બનીને સહયોગ કરતા હતા.

સિકંદર નામના યુનાની (ગ્રીસ) આક્રમણકારીની મગધની સીમા સુધી પહોંચવાની વાત સાંભળીને પોતાના યુવરાજ ધનાન્દને તથા બધા રાજાઓને સેના સહિત મગધની પશ્ચિમ દિશાની સરહદે પહોંચવાની ઘોષણા (જાહેરાત) નંદરાજ દ્વારા કરવામાં આવી. નંદરાજની સૈન્ય શક્તિ તથા પ્રતાપની બાબતમાં સાંભળીને સિકંદરની સેનામાં બળવો થઈ જાય છે તથા બધા સ્વદેશ યુનાન (ગ્રીસ) પાછા ફરવા તૈયાર થઈ જાય છે. તેઓ કહે છે કે મગધની સરહદમાં પ્રવેશ કરવાનો મતલબ છે મોતના મોઢામાં પ્રવેશ કરવો. આ વાત સાંભળીને સિકંદરની હિંમત તૂટી જાય છે. ને છેવટે સેનાને સ્વદેશ પાછા ફરવાનો હુકમ આપી દે છે. તેની વચ્ચે ચંદ્રગુપ્ત એકલા જ સિકંદરને જઈને મળે છે અને કહે છે કે સિકંદર તમે મગધ ઉપર હુમલો કરો તમારો વિજય નક્કી છે. હું તમને સાથ આપીશ. સિકંદર ચંદ્રગુપ્તને ધમકી મારીને ભગાડી દે છે અને બધા યુનાન પાછા ફરવા માટે પ્રયાણ કરે છે. ચંદ્રગુપ્ત આ વિચારીને ગયા હતા કે જો સિકંદર અને નંદરાજા વચ્ચે યુદ્ધ થાય તો સિકંદરનો વિજય થાય તો હું સ્થાનિક હોવાથી (મે સિકંદરને મદદ કરી હોવાથી) મગધનો મહાક્ષત્રપ બની જાઉ, પછી હું તેને (સિકંદરને) એકબાજુ કરીને મગધનો સમ્રાટ બની જઈશ. પરંતુ નંદરાજના શૌર્ય બળથી સિકંદરની હિંમતનું દેવાળું નીકળી ગયું અને ચંદ્રગુપ્તનો વિચાર ફક્ત વિચાર જ રહી ગયો.

સિકંદરની સેનાની યૂનાન (ગ્રીસ) પાછા ફરવાની ખબર સાંભળીને પાટલિપુત્રમાં ખુશીઓનું વાતાવરણ બની ગયું. (આનંદ છવાઈ ગયો). ચાણક્ય ઉર્ફે કૌટીલ્ય પણ આ ખુશીના વાતાવરણમાં હાજર થયા તથા નંદરાજ મહાપદ્મનંદના વખાણ કરવા લાગ્યા કે તમે ખરેખર ખૂબ જ મહાન છો કે તમારે પાટલિપુત્ર છોડીને જવું પણ ન પડ્યું તથા વિશ્વ વિજયી બનવાનું સ્વપ્ન જોઈને ભારત આવવાવાળા સિકંદર આપના રાજ્યની સીમાથી કોશો દૂરથી પહેલાથી જ પાછા ચાલ્યા ગયા. (હુમલો કરવાની હિંમત ન કરી). તે સમયે ચાણક્યે પોતાની ઝુંપડી પર (પોતાના ઘરે) પરિવાર સહિત ભોજન નિમંત્રણની દરખાસ્ત પણ આપી દીધી જેને સાંભળીને નંદરાજાએ સ્વીકાર કરી લીધો.

ચાણક્યએ ઝુપડી પર ચોક્કસ દિવસે નંદરાજ દ્વારા સપરિવાર ભોજન કરવાની જાણકારી મળ્યા પછી ચાણક્યે નંદરાજના રસોઈઆ શકટાર તથા સુલક્ષણાનો સંપર્ક કરવા લાગ્યા. ચોક્કસ દિવસે નંદરાજ મહાપદ્મનંદના બંન્ને રસોઈઆ ચાણક્યની ઝુંપડી ઉપર પહોંચી ગયા તથા ઝેર મેળવીને સ્વાદિષ્ઠ ભોજન બનાવી દીધું આ પણ જાણીને કે ચંદ્રગુપ્ત પણ આ હેતુમાં સામેલ છે. ચોક્કસ સમય ઉપર નંદરાજ સપરિવાર ચાણક્યની ઝુંપડી ઉપર પહોંચી ગયા. ભોજન કરતા પહેલા સૂચના મળે છે કે પૂર્વ દિશામાં ક્યાંક ધમાલ થઈ ગઈ છે જે સાંભળીને થોડી સેના લઈને ધનાનંદ ત્યાં ચાલ્યા જાય છે બીજા બધા ચાણક્યની ઝુંપડી પર જમવા લાગે છે તથા ઝેર સાથેની રસોઈ જમવાથી એક પછી એકનું મૃત્યુ થઈ જાય છે. મૃત્યુના સમાચાર સાંભળીને ચાણક્ય ચંદ્રગુપ્ત તથા બંને રસોઈઆઓ મગધ છોડીને રાતો-રાત ઉતરાપથની તરફ ભાગી જાય છે, તથા સેલ્યુકશના શરણમાં ચાલ્યા જાય છે. ધનાનંદ જ્યારે ચાણક્યની ઝુંપડીએ આવે છે તો બધાને ઝેર ખાવાથી મરેલા જુએ છે તો એને સમજતા વાર લાગતી નથી (આ એક ષડયંત્ર છે) તે તાત્કાલિક ચાણક્ય તથા રસોઈયાઓને ગોતે છે પરંતુ કોઈની ભાળ મળતી નથી. જ્યારે ચદ્રગુપ્ત પણ મળતા નથી તો તે સમજી ગયા કે આ ખૂબ જ ઉંડા કાવતરાથી કામ થયું છે અને અંતે ધનાનંદ મગધના સમ્રાટ બનીને ૩૨૬ ઈ.સ. પૂર્વમાં મગધની ગાદી ઉપર બેઠા. ઝેર સાથેના ભોજનથી નંદરાજના મૃત્યુનું વર્ણન જ્યાં મુદ્રારાક્ષસમાં મળે છે ત્યાં જસ્ટીનના લેખોથી ચંદ્રગુપ્ત તથા ચાણક્યને ઉતરાપથમાં સેલ્યુકશને ત્યાં રહેવાનુ વર્ણન પણ મળે છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે આ કુટિલ નીતિથી ચાણક્યે નંદવંશમાં ફાટફૂટ પડાવીને નંદરાજના સામ્રાજ્યનો વિનાશ કરેલ.

(ક્રમશઃ)

**પ્રેષક : રમેશભાઈ બી. ચાવડા, ધ્રાંગધ્રા**
**મો. ૯૪૨૭૩ ૭૩૫૮૧**

## BIO -DATA



### PERSONAL DETAILS

| | |
|---|---|
| Name | : **Nishit Navinbhai Parekh** |
| Address | : B-13, Aryavrat Bungalows, B/h Swaminarayan Temple, Bareja. Ta. Dascroi, Dist. Ahmedabad-382425 |
| Contact No. | : 9904142635 |
| Age | : 27 Years |
| Date of Birth | : 30-09-1995 |
| Marital Status | : Single |
| Weight | : 60 Kg |
| Height | : 5.00 Feet |
| Complexion | : Fair |
| Education | : Graduation in B.Com & ITI Fitter Completed. |
| Cast | : Parekh (Hindu Nayi) |
| Birth Place | : Ahmadabad |
| Native Place | : Kanera (Dist. Kheda) |
| Hobbies | : Music, Movies, Travelling, Computers |

### FAMILY DETAILS

| | |
|---|---|
| Father | : Navinbhai Kantibhai Parekh |
| Occupation | : Barber Shop (At: Bareja) |
| Mother | : Asmitaben Navinbhai Parekh |
| Occupation | : Housewife |
| Brother | : Samir Navinbhai Parekh |
| Occupation | : Job at rapidops Pvt LTD.(Gota) Ahmadabad) |

## BIO -DATA



### PERSONAL DETAILS

| | |
|---|---|
| Name | : **Samir Navinbhai Parekh** |
| Address | : B-13, Aryavrat Bungalows, B/h Swaminarayan Temple, Bareja. Ta. Dascroi, Dist. Ahmedabad-382425 |
| Contact No. | : 9904142635 |
| Age | : 30Years |
| Date of Birth | : 30th July, 1992 |
| MaritalStatus | : Single |
| Weight | : 65Kg |
| Height | : 5.3"Feet |
| Complexion | : Fair |
| Qualification | : Dimploma in Computer Engineering, B.E Computer Engineering |
| Occupation | : Rapidops PVT LTD (System Administrator) |
| Cast | : Parekh (HinduNayi) |
| BirthPlace | : Ahmedabad |
| NativePlace | : Kanera (Dist.Kheda) |
| Hobbies | : Explore new places, Music,Movies |

### FAMILY DETAILS

| | |
|---|---|
| Father | : Navinbhai Kantibhai Parekh |
| Occupation | : Barber Shop (At : Bareja) |
| Mother | : Asmitaben Navinbhai Parekh |
| Occupation | : Housewife |
| Brother | : Nishit Navinbhai Parekh |
| Occupation | : Graduation in B.Com & I.T.I Fitter Completed |

## તેજસ્વી તારલા

### ધોરણ ૧૦ - એસ.એસ.સી.



**સાવન મણિલાલ નાયી**
૫૫૨/૬૦૦ = ૯૨%
ચેલાણા, તા. સતલાસણા,
જિ. મહેસાણા



**ધૈર્ય દીપેશભાઈ પારેખ**
૫૧૫/૬૦૦ = ૮૫.૩૩%
ટાગોર પાર્ક, આંબાવાડી,
અમદાવાદ

**જીયા હર્ષદકુમાર પારેખ**
૪૮૯/૬૦૦ = ૮૧.૫%
મહિયલ, તા. ખેરાલુ, દોતોર જુથ
હાલ : પાલનપુર

**મેશ્વા દિનકરભાઈ પારેખ**
૪૭૫/૬૦૦ = ૭૯.૧૬%
મહિયલ, તા. ખેરાલુ, દોતોર જુથ
હાલ : પાલનપુર

## અભિનંદન



**રાજકોટ : શ્રી જયેન્દ્રભાઈ જાદવના પુત્ર ચિ. હેતને એન્જિનિયરીંગ ડિગ્રી કોર્સમાં IIT ચેન્નાઈ (તામિલનાડુ) ખાતે પ્રવેશ મળેલ છે.**



**કુ. ખ્યાતિ રાકેશભાઈ નાયી, વિરાવાડા, તા. હિંમતનગર, હાલ પાલનપુર ચાલુ સાલે લેવાયેલ નીટની પરીક્ષામાં (૫૮૩/૭૨૦) ૮૦.૯૭% ગુણ મેળવી ઉત્તીર્ણ થયા છે.**

## શ્રીનાથજીનાં દર્શનામૃત, સ્વરૂપામૃત, અધરામૃતનો ત્રિવિધ આનંદ લેવો એ લહાવો છે

ભારતવર્ષ ધર્મ, સંસ્કૃતિ, તીર્થ અને સંતોની પવિત્ર ભૂમિ છે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એમ સર્વ દિશાઓ અનેકવિધ તીર્થધામોથી પાવન બનેલી છે. શ્રી ગિરિરાજધરણ શ્રી ગોવર્ધનનાથજી વૈષ્ણવ ધર્મના અનુયાયીઓના ઈષ્ટદેવ તરીકે સર્વત્ર પૂજાય છે. ભારતમાં સર્વ તીર્થોમાં ભાવિક ભક્તોને માટે તીર્થમણિ શ્રીનાથજીનું આકર્ષણ અનેરુ, અનોખું અને અદ્વિતીય છે. શ્રીનાથજીનાં દર્શનામૃત, સ્વરૂપામૃત, અધરામૃતનો ત્રિવિધ આનંદ લેવો એ પણ વૈષ્ણવો માટે એક લહાવો છે. આ લહાવો લેવાનું વૈષ્ણવો અવારનવાર આયોજન કરે છે.

એક વખત શ્રીનાથજી મેવાડમાં આવેલ ‘સિંહાડ’ ગામમાં પધાર્યા. આ સિંહાડ કે જે આજે ‘શ્રીનાથદ્વારા’ તરીકે સુવિખ્યાત છે. અહીં એક ઘટાદાર વૃક્ષ નીચે શ્રીનાથજીનો રથ રોકાયો હતો. ભાવિક ભક્ત શ્રી અજબ કુંવરબાઈને ઈષ્ટદેવ શ્રી ગિરિરાજધરણ શ્રી ગોવર્ધનનાથજીને મેવાડમાં વસાવવા માટેના મનોરથ હતા. પોતાની માતૃભૂમિ મેવાડમાં શ્રીનાથજીને પાટે બેસાડવાની અજબ કુંવરબાઈની ઇચ્છાને આધીન થઈને ગોવર્ધનનાથજીએ આ પ્રકારે આજ્ઞા કરી :

‘મેવાડમાં આવેલ સિંહાડ ગામ શ્રી અજબ કુંવરબાઈનું નિવાસસ્થાન છે. તેઓ અહીં વસતાં હતાં, માટે મોટું મંદિર અહીં જ બનાવવું જોઈએ અને હું પણ વર્ષો સુધી આ પવિત્ર સ્થાનમાં બિરાજમાન થઈશ...’

સર્વ વૈષ્ણવ ભક્તોને વિદિત છે કે, ઉપર્યુક્ત આજ્ઞાનુસાર આજના પ્રખ્યાત તીર્થધામ શ્રીનાથદ્વારામાં સંવત ૧૭૨૮ના ફાગણ વદી સાતમના દિવસે વિધિ અનુસાર શ્રીનાથજીને ભાવિક ભક્તોએ પાટે બેસાડ્યા હતા અને આજના આ ભવ્ય મંદિરનું નિર્માણ થયું.

‘શ્રીનાથજી’નું બીજું નામ ‘ગોવર્ધન’ છે. ગોલોકનો અર્થ ‘ગો’ એટલે તેજ અને ‘લોક’ એટલે સમૂહ. એટલે કે તેજનો સમૂહ. અહીં ‘ગો’ એટલે પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ પોતે જ પૃથ્વી પર શ્રીનાથજી સ્વરૂપે વિરાજે છે.

ભગવાન શ્રીકૃષ્ણે ‘ઈન્દ્રપૂજા’ને બદલે ‘શ્રીગોવર્ધન’ પૂજાની પ્રણાલિકાનો શુભ પ્રારંભ કર્યો હતો. વ્રજવાસીઓ તથા ગોપગોપીઓએ વિવિધ પ્રકારની સામગ્રી દ્વારા શ્રી ગિરિરાજધરણ શ્રી ગોવર્ધનનાથજીને પંચામૃતથી સ્નાન કરાવી અન્નકૂટ ધરાવ્યો હતો. અન્નકૂટનો ભાવિક ભક્તોએ ભોગ ધરાવ્યો, ત્યારે સાક્ષાત્ ભગવાન શ્રીકૃણે શ્રી ગિરિરાજ ઉપર પોતાનું વિરાટ સ્વરૂપ પ્રકટ કરીને, પોતે જ સાક્ષાત્ ગિરિરાજ સ્વરૂપે છે એમ ઘોષણા કરી પોતાની સન્મુખ ધરેલ

અન્નકૂટની વિવિધ વાનગીઓનો સહસ્ર ભુજા દ્વારા સાક્ષાત્ અંગીકાર કર્યો હતો એમ કહેવાય છે.

આ અન્નકૂટ ધરાવવામાં આવ્યો એ વખતે એક ઘટના બની તે ઉલ્લેખનીય છે.

વૃષભાન ગોપની 'બદરોલા' નામની દાસીને આ અન્નકૂટ પ્રસંગે વઘારેલો ભાત શ્રીનાથજીને ભોગ તરીકે ધરાવવાની ભાવના થઈ. ભગવાન તો ભાવના ભૂખ્યા છે, તેણીએ પ્રેમથી ભોગ ધરવા ભાત તૈયાર કર્યો અને સામગ્રી અંગીકાર કરાવવા તૈયાર થઈ. પરંતુ બદરોલાની સાસુએ કહ્યું 'વહુ ! તમે દર્શન કરવા પછી જજો જેથી ઘર રેઢું ન રહે. લાવો, હું જ અન્નકૂટની સામગ્રીનો ભાત અંગીકાર કરાવી આવું અને દર્શન કરતી આવું.'

અહીં ઘેર પુત્રવધૂ બદરોલાને આવો વિચાર આવ્યો કે, પ્રેમથી સિદ્ધ કરેલી અન્નકૂટની વાનગી ધરાવવાનો મારો વારો ક્યારે આવશે ? સાસુને ઘેર પાછા ફરતાં ઘણી વાર લાગી, વધુ વિલંબ થયો, તેથી વ્યથિત થતી એકએક ક્ષણ બદરોલાને યુગયુગ જેવડી લાગી.

બદરોલાએ ગદ્‌ગદ્ કંઠે ગિરિરાજજીને પ્રાર્થના કરી કે, 'હે સહસ્ર ભુજાવાળા ભગવાન શ્રીકૃષ્ણ ! મારા અંતરનો જો સાચો ભાવ હોય તો અન્નકૂટ માટે તૈયાર કરેલો આ ભાત આપ જરૂર અંગીકાર કરજો...'

કહેવાય છે કે, એકાએક બદરોલાનું ઘર આ પ્રાર્થના થતાં જ પ્રકાશપૂંજથી છલકાઈ ગયું ! બદરોલાને સહસ્ર ભુજાવાળા ભગવાનનાં વિશાળ સ્વરૂપનાં દર્શન થયાં અને પછી હજાર હાથમાંથી ફક્ત એક જ હાથના દર્શન થયાં. લંબાવેલી આ ભુજાએ વઘારેલા ભાતનું પાત્ર (મટુકી) એકાએક ઉપાડી લીધું.

શ્રી ગોવર્ધનાથજી ગિરિરાજની તળેટીમાં ગોપ-ગોપીઓના સમુદાય સમક્ષ આ મટુકીમાંથી આ સિદ્ધ કરેલો ભાત પોતાના મુખારવિંદમાં મુકવા લાગ્યા. બદરોલાની સાસુ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ. અરે ! આ મટુકી તો મારી છે ! આ ઘટના બની તેથી ઉતાવળે ઘેર આવી. સાસુએ બદરોલાને પૂછી બાતમી મેળવી. બદરોલાએ માંડીને વાત કરી ને સાસુજીને આ અદ્‌ભુત પ્રસંગથી વાકેફ કર્યાં. સાસુ-વહુના આનંદનો પાર ન રહ્યો. અહીં વ્રજવાસીઓએ પણ આનંદના અતિરેકમાં આવી શ્રી ગિરિરાજધરણ શ્રી ગોવર્ધનનાથજીનો જયજયકાર બોલાવ્યો. જે વામ ભુજાએ ઈન્દ્રના કોપથી ત્રાહી ત્રાહી પોકારી ઊઠેલ ગાયો અને ગોપ-ગોપીઓનું તેમ જ વ્રજવાસીઓનું આપત્તિના વખતે રક્ષણ કર્યું હતું એ જ શ્રી ગોવર્ધનનાથજીની વામ ભુજા સંસારી જીવોને ભયમુક્ત રહેવા અનેરી પ્રેરણા આપે છે.

('શ્રી પુષ્ટિમાર્ગ સૌરભ'માંથી સાભાર)

## અવસાન નોંધ

* **ભીમપુરા,** તા. પ્રાંતિજ : **જયંતિભાઈ શંકરભાઈ નાયીનું** તા. ૧-૭-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **બેરણા :** અડાઠમ જથ નાયી કેળવણી મંડળના પ્રમુખ શ્રી બિપીનભઈનાં માતૃશ્રી **સવિતાબેન ત્રિકમલાલ નાયીનું** તા. ૨૧-૭-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **બાલીસણા,** તા. જિ. પાટણ : **કનુભાઈ ઈશ્વરલાલ નાયીનું** તા. ૨૮-૬-૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ટુંડાવ : રસિકભાઈ મોહનભાઈ નાયીનું** તા. ૬-૭-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ઉવારસદ : નીતાબેન પ્રવિણભાઈ નાયીનું** તા. ૧૬-૭-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સિમેજ,** તા. ધોળકા : **ઘેલાભાઈ કાશીભાઈ વાળંદનું** તા. ૧૮-૭-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ભાન્ડુ,** હાલ મહેસાણા : **મહેન્દ્રભાઈ ઉમેદભાઈ લિમ્બાચીયાનું** તા. ૨૪-૭-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સાંકોડ,** હાલ બાવળા : **ગંગાબેન બચુભાઈ વાળંદનું** તા. ૨૫-૬-૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **લીંચ,** હાલ આંબલિયાસણ : **અનિલભાઈ શંકરભાઈ વાળંદનું** તા. ૨૯-૬-૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **કરકથલ,** હાલ ઘુમા : **વર્ષાબેન કનુભાઈ વાળંદનું** તા. ૪-૭-૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **બોળ,** તા. સાણંદ : **રૂખીબેન ઈશ્વરભાઈ ઉઘરોજાનું** તા. ૧૯-૭-૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ડાલડી : આશાબેન અતુલભાઈ નાયીનું** તાજેતરમાં અવસાન થયેલ છે.
* **સંઘપુર,** તા. વિજાપુર : **વિદ્યાબેન શંકરલાલ નાયીનું** ઝામ્બિયા ખાતે તા. ૨૯-૬-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **દેવડા,** તા. વિજાપુર : **શકરીબેન કાન્તિલાલ નાયીનું** તા. ૧૩-૭-૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ચડાસણા,** તા. વિજાપુર : **શંકરલાલ કચરાલાલ જેચંદનું** તા. ૧૭-૭-૨૦૨૪ના રોજ યુ.કે. ખાતે અવસાન થયેલ છે.
* **દેવડા,** તા. વિજાપુર : **દિપકભાઈ જોઈતારામ લિંબાચીયાનું** મુંબઈ ખાતે તા. ૨૨-૭-૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **બોરીસણા** (કલોલ) : **બાબુભાઈ અંબાલાલ નાયીનું** તા. ૨૫-૭-૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ભેરુંડા : ધવલકુમાર સુરેશભાઈ વાળંદનું** તા. ૨૭-૭-૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે.

**ઉપરોક્ત દિવંગત આત્માઓને પરમકૃપાળુ પરમાત્મા ચિરઃશાન્તિ અર્પે તેવી ગુજરાત વાળંદ સેવા સંઘની પ્રાર્થના.**

# શ્રી લિંબચમાતા જ્વાલામાતા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ- કાર્યક્રમ તા.૧૪/૦૭/૨૦૨૪



Registered under R.N.I. No. 9377/1957. Permitted to post at Ahmedabad PSO
on 2nd day of every Month under Postal Registration No. GAMC-810/2022-2024
Dt. 21-10-2021 Valid upto 31-12-2024 issued by SSPO's Ahmedabad City Division



## શ્રી વિપુલભાઈ વસંતભાઈ દલાલ

**પ્રમુખશ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ તથા માનવંતા દાતાશ્રી**

ગુજરાત વાળંદ સેવા સંઘ દ્વારા હાલમાં અમદાવાદના પૉશ વિસ્તાર એવા ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ ખાતે નવિન બહુમાળી ભવનના નિર્માણનું કાર્ય પૂરજોશમાં ચાલે છે.

આપણી સંસ્થાના જોમ-જુસ્સો તરવરાટ ધરાવતા અને આ બહુમાળી ભવન નિર્માણ પૂર્ણ કરી શક્ય તેટલું વહેલું સમાજને અર્પણ કરવાનું સોહામણું સ્વપ્ન સેવનાર, તે પરિપૂર્ણ કરવા સતત ચિંતિત રહેતા એવા માનવંતા પ્રમુખ **શ્રી વિપુલભાઈ વી. દલાલ** તરફથી અત્યાર સુધીમાં **રૂપિયા ૨૧ (એકવીસ) લાખનું** માતબર દાન પ્રમુખ થયાના સવા વર્ષમાં આપેલ છે. ઉપરાંત તેમનાં ફોઈ **શ્રીમતિ મીનાબેન વિજયકુમાર ગાંધી-નડિયાદ** તરફથી **રૂ. ૫,૫૧,૦૦૦/-**નું દાન જમા કરાવેલ છે. આટલેથી નહીં અટકતાં તેમના બહેન **રૂપાબહેન અતુલભાઈ દોશી** (daughter of હંસાબેન વસંતભાઈ દલાલ) હાલ યુ.એસ.એ. તરફથી **રૂપિયા ૫૧,૦૦,૦૦૦/- (એકાવન લાખ)** જેટલી માતબર રકમનું દાન જાહેર કરવામાં આવેલ છે. શ્રી વિપુલભાઈએ આટલા દાન આપી / જાહેર કરાવી તેમના સેવાભાવી સંસ્કાર ઉજાગર કર્યા છે.

આ પરિવાર ગુજરાત વાળંદ સેવા સંઘના આદ્યસ્થાપકો પૈકીના એક તથા લાંબા સમય સુધી પ્રમુખ તરીકે સફળ નેતૃત્વ પૂરું પાડનાર **સ્વ. ગોરધનદાસ અમથારામ દલાલ** (ત્રાણજા, તા. માતર, જિ. ખેડા) સંઘની સ્થાપના કાળથી સમાજને માટે સમર્પિત છે. શ્રી વિપુલભાઈ એજ પરિવારની ત્રીજી પેઢીનું પ્રતિનિધિત્વ કરે છે. પ્રમુખ તરીકે દાખલારૂપ બને તેવું મોટી રકમનું દાન આપવા તથા અપાવવા તેઓ કટિબદ્ધ છે. તેમના નેતૃત્વમાં આ લક્ષ્ય હાંસલ થાય તે માટે અમો આશાવાદી છીએ.

- ભાનુભાઈ એન. વૈદ્ય, મંત્રી
નરોત્તમભાઈ એચ. નાયી, કોષાધ્યક્ષ,
ગુજરાત વાળંદ સેવા સંઘ

Printed & Published by BALUBHAI BABABHAI PAREKH on behalf of SHREE GUJARAT VALAND SEVA SANGH and Printed at NAVPRABHAT PRINTING PRESS, 9, Punaji Industrial Estate, Dhobighat Cross Road, Dudheswar, Ahmedabad-380004, and Published from VALAND VIKAS Karyalaya, Gulbai Tekra, Opp. Pankaj Vidhyalaya, Ahmedabad-380006.
Editor - JAYANTIBHAI KARSHANBHAI LIMBACHIYA